# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૧૫



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેઓ વિષયસુખથી વિરક્ત છે, શુદ્ધ તત્ત્વમાં અનુરક્ત છે. તપમાં લીન જેમનું ચિત્ત છે, શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે (અતિશય પ્રીતિવંત છે), ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે અને સર્વ સંકલ્પોથી મુક્ત છે, તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય? (અવશ્ય થાય જ.) ૧૫૦૫.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર—ટીકા, શ્લોક-૧૧૫)

● ઇન્દ્રિયોકે ભોગોંસે હોનેવાલા સુખ સુખસા દીખતા હૈ, પરંતુ વહ સચ્ચા સુખ નહીં હૈ. વહ તો કર્મોંકા વિશેષ બંધ કરાનેવાલા હૈ તથા દુઃખોંકે દેનેમેં એક પંડિત હૈ અર્થાત્ મહાન દુઃખદાયક હૈ. ૧૫૦૬. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૭૭)

● આત્મામાં લાગેલાં કર્મોના આવરણને યોગી એક ક્ષણ માત્રમાં ઉડાડી મૂકે છે, જેમ તીવ્ર ગતિથી ચાલનાર મહા બળવાન પવન સૂર્ય પર લાગેલા મેઘસમૂહને ક્ષણમાત્રમાં ભગાડી મૂકે છે તેમ. ૧૫૦૭.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા, અધિકાર, ગાથા-૯)

● અંતરંગ જલ્પયુક્ત જે વિકલ્પજાળ છે તે આત્માના દુઃખનું મૂળ કારણ છે. વિકલ્પજાળનો નાશ થતાં હિતકારી પરમપદની પ્રાપ્તિ થાય છે—એમ પ્રતિપાદન કર્યું છે. ૧૫૦૮. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૮૫)

● હે જીવ! જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ન આવે, જ્યાં સુધી રોગરૂપ અગ્નિ શરીરરૂપી તારી ઝૂંપડીને ન બાળે, જ્યાં સુધી ઇન્દ્રિયોનું બળ ન ઘટે ત્યાં સુધીમાં તારું આત્મહિત કરી લે. ૧૫૦૯. (શ્રી કુંદકુંદઆચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૩૨)

● જેના ચિત્તમાં જ્ઞાનનું વિસ્ફૂરણ થયું નથી, અને જે કર્મના હેતુને જ (પુણ્ય-પાપને જ) કરે છે, તે મુનિ સકલ શાસ્ત્રોને જાણતો હોય તોપણ સુખને નથી પામતો. ૧૫૧૦. (મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૨૪)

● જો કોઈ શુદ્ધભાવ કરકે પાત્રોંકો શુદ્ધ આહારદાન અર્થાત્ આત્મજ્ઞાન દેતા હૈ સો સ્વાભાવિક આત્મજ્ઞાનકા આહાર પાત્રકો દેકર ઉસકા સાંસારિક દુઃખ નાશ કર દેતા હૈ. ૧૫૧૧. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૮૬)

● જો પાપ હૈ ઉસકો જો પાપ જાનતા હૈ, યહ તો સબ કોઈ જાનતા હૈ. પરંતુ જો પુણ્યકો ભી પાપ કહતા હૈ, ઐસા પંડિત કોઈ વિરલા હી હોતા હૈ. ૧૫૧૨.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૭૧)

વર્ષ–૧૦
અંક–૨




વિ. સંવત
૨૦૭૧
October
A.D. 2015




# કેવળજ્ઞાન



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૯-૪-૪૪, શનિવાર) (ગતાંકથી ચાલુ)

"ઘરના છોકરાં ઘંટી ચાટે, પાડોશીને આટો" એટલે ઘરમાં છોકરાંને ખાવા કાંઈ ન હોય પણ ઉદાર થઈ ગયો તેથી બહારમાં બધું આપી દીધું; તેમ પોતાના આત્માની પ્રજા એટલે કે ગુણ–પર્યાય શું છે તેની અજ્ઞાનીને ખબર નથી એટલે બહારમાં પરપદાર્થની પડ કરીને પોતાનું જ્ઞાન પરમાં આપી દીધું.

મનઃપર્યય એટલે સંયમની શુદ્ધિથી જ્ઞાનની નિર્મળતા ઉઘડી તેમાં એકાગ્ર થતાં બીજાના મનની વાત જણાણી તે મનઃપર્યય.

જ્યાં જ્ઞાનની નિર્મળતા હોય ત્યાં ઉપયોગ એકાગ્ર થાય કે જ્યાં જ્ઞાન નથી ત્યાં થાય? જ્ઞાનનો ઉપયોગ તો જ્યાં જ્ઞાનની નિર્મળતા હોય ત્યાં જ એકાગ્ર થાય, શાસ્ત્રે પરથી (નિમિત્તથી) લીધું એટલે બહાર જણાય તે અવધિ અને તે મનઃપર્યય–એમ વ્યવહારે કહ્યું પણ નિશ્ચયસ્વરૂપ તેમ નથી, કારણ કે જ્યાં જ્ઞાનની નિર્મળતા ઉઘડી હોય ત્યાં જ ઉપયોગ હોય માટે જ્ઞાન અંદર જ હોય.

જ્ઞાનની નિર્મળતા એવી–પોતાના લક્ષવાળી થઈ કે પોતાની સામર્થ્ય શક્તિ વડે તેમાં પર જણાઈ જ જાય છે. પહેલાં જ આચાર્યમહારાજે ઉપયોગની વાત કરી છે. ઉપયોગ તો ગુણ સાથે સંબંધ રાખે છે–દ્રવ્ય સાથે રાખે છે, પણ ઉપયોગનો સંબંધ પર સાથે હોતો નથી.

**એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહિ સુખ દેહીને,**
**પણ વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુખ થાય છે. ૬૬. –શ્રી પ્રવચનસાર**

માણસો માને છે કે ''મેં આંખ ઊંચી કરી એટલે મારા જ્ઞાનનો વેપાર થાય છે.'' પણ તેમ નથી; કારણ કે આંખ તો તેના કારણે ઊંચી થાય છે, અને જ્ઞાનનો વેપાર તો અંદર થાય છે; તેમાં (જ્ઞાનમાં) એકાગ્ર થાય છે તેથી જોવાય છે. જ્ઞાન એટલે આત્મા. તેને અજ્ઞાનીઓએ જડમાં જ ખતવ્યો છે. માણસો માને છે કે આંખ ઊંચી કર્યા વગર જણાય નહીં એટલે ઊંચી કરી ત્યાં જણાયું; પણ તેમ નથી. ક્ષેત્રે ઊંચુ કરવાથી જણાય નહીં–પણ ભાવમાં એકાગ્ર થતાં જણાય છે. આંખ ઊંચી કરે ત્યારે લાભ થાય કે જ્ઞાનમાં એકાગ્ર થયે લાભ થાય? જ્ઞાનમાં એકાગ્ર થયે જ લાભ થાય છે. 'ક્ષેત્ર ફરે ત્યારે જણાય છે અથવા ક્ષેત્રાંતર થતાં જણાય છે' તેમ નથી. કારણ કે ઓછું ક્ષેત્રાંતર થતાં ઓછું જણાય અને વધારે થતાં વધારે જણાય તેમ બનતું નથી; પણ જાણવું તે જ્ઞાનની ક્રિયા અને જ્ઞાનના વેપાર પ્રમાણે હોય છે.

જ્ઞાનની પર્યાયનો જ્ઞાનગુણ સાથે સંબંધ છે કે પર સાથે સંબંધ છે? જ્ઞાનગુણની સાથે જ સંબંધ છે. જેટલો જ્ઞાનનો એકાગ્ર થયો તેટલો જ લાભ છે. બહારમાં એકાગ્ર થાઊં તો લાભ થાય એવી બુદ્ધિ ભ્રમ છે. મતિ–શ્રુતમાં પણ આત્મા સાથેનો સંબંધ છે. આત્માનો સંબંધ જડ સાથે હોય નહીં. આત્માનું સાચું જ્ઞાન જે મતિ–શ્રુત છે તે વ્યવહારે કેવળજ્ઞાનમાં સાધક છે તેની વાત કરી.

હવે આત્મા જ્યારે કેવળજ્ઞાન–એકલું ઉપાધિરહિત નિર્મળજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે તે ઉપાધિરહિત થાય છે. જેટલા કેવળજ્ઞાની ભગવાન થયા તે બધા ઉપાધિ રહિત છે, તે કેવળજ્ઞાનને કોઈ કર્મનું ઢાંકણ નથી. ઓછા જ્ઞાનમાં જે ક્રમ પડે છે કે ''હું જ્ઞાન છું, આનંદ છું'' એવું જે ઓછું જણાય છે તે કેવળજ્ઞાનમાં ક્રમરહિત પૂર્ણ જણાય છે, તેનો એક પછી એક જાણવાનો સ્વભાવ નથી, પણ અક્રમપણે જાણવાનો સ્વભાવ છે; કેવળજ્ઞાન સામા પદાર્થમાં વ્યાપતું નથી પણ પોતામાં વ્યાપવાવાળું છે.

ભગવાન કેવળજ્ઞાન પામે તે કેવળજ્ઞાન પર પદાર્થોમાં વ્યાપતું નથી પણ આત્માની પૂર્ણદશા થતાં, તેમાં રાગ–દ્વેષ–પુણ્ય પાપ કાંઈ નહિ રહેતાં પૂર્ણ સ્વભાવ પોતામાં વ્યાપક થઈ ગયો છે. કેવળજ્ઞાની ત્રણકાળ ત્રણલોકના પદાર્થને આવરણ વિના, સહાય વિના, ઈન્દ્રિય વિના દરેક પદાર્થને એકી સાથે જાણે છે.

જ્ઞાન આત્માનો સ્વભાવ છે. તેના જોરે પુણ્ય–પાપનો સર્વથા નાશ થઈ જે અવસ્થા પ્રગટે છે તે કેવળજ્ઞાન છે. તે કેવળજ્ઞાનપણ જ્ઞાનગુણનો ઉપયોગ છે, પરિણામ

**જો દૃષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહિ દીપથી;**
**જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે, વિષયો કરે છે શું તહીં? ૬૭. –શ્રી પ્રવચનસાર**

છે, વેપાર છે; ત્રિકાળી શક્તિ નથી. કેવળજ્ઞાન—આત્માનું પૂર્ણજ્ઞાન જે ઇન્દ્રિય અને મન વિના પ્રત્યક્ષ જાણે છે તે કાર્યસ્વભાવજ્ઞાન છે. જે કેવળજ્ઞાન ઉઘડ્યું તે જ કાર્ય છે. સંસારનું કાર્ય તે રખડવાનું કાર્ય છે. જ્ઞાનમાં દ્રઢ થતાં આત્માની કેવળજ્ઞાનદશા પ્રગટી તે આત્માનું કાર્ય છે.

હવે કાર્યજ્ઞાનનો કારણજ્ઞાન સાથેનો સંબંધ બતાવે છે :—એકલું ઇન્દ્રિય વિનાનું, રાગ વિનાનું જ્ઞાન જે ઊઘડ્યું તે કાર્ય જ્ઞાન, તે કેવળજ્ઞાન; જેમાં કાર્યજ્ઞાન ઉઘડવાની શક્તિ પડી છે તે કારણજ્ઞાનરૂપ પર્યાય તે પણ તેવી છે. કેમકે કારણરૂપ અવસ્થા તે કાયમ છે. જ્ઞાનમાં કારણરૂપ જ્ઞાન એક શક્તિ પડી છે તે પણ કાર્યજ્ઞાન જેવી છે, એમ અહીં અભેદરીતે બતાવે છે. અહીં નિર્મળ કેવળજ્ઞાન જે કાર્ય ઊઘડ્યું તેનું કારણ જે કારણરૂપજ્ઞાન તે પણ કાર્યજ્ઞાન જેવું છે, તેમ અભેદ બતાવવા માટે વર્ણવે છે. જેમ કાર્યજ્ઞાન જે કેવળજ્ઞાન તે સાદિઅનંત અનંતચતુષ્ટયને ભોગવવાવાળું અને આનંદદાતા છે, તેમ કારણરૂપ એકરૂપ—ધ્રુવરૂપ જ્ઞાન અનાદિ—અનંત આનંદદાતા છે. કાર્યજ્ઞાન જેવું આનંદદાતા છે તેવું કારણજ્ઞાન પણ સદા—અનાદિ અનંત આનંદદાતા છે. અહા! ટીકામાં કેટલું સરસ વર્ણન આચાર્ય ભગવાને કર્યું છે!

અહીં તો કેવળજ્ઞાનના કારણરૂપ એકરૂપ ધ્રુવ ત્રિકાળી કારણજ્ઞાનરૂપ પર્યાય છે તે સમજાવી છે. સ્વાભાવિક દર્શનસ્વાભાવિક જ્ઞાન—સ્વાભાવિક ચારિત્ર અને સ્વાભાવિક આનંદ એ અનંતચતુષ્ટયમય કારણસમયસાર શક્તિરૂપે છે તેનો, એક સમયમાં અનુભવ કરવાને તે કારણપર્યાય સમર્થ છે.

આચાર્યદેવ કહે છે કે :—કેવળજ્ઞાન થાય છે ત્યારે અનંતચતુષ્ટય જણાય તેમાં તો શું નવાઈ! પણ કેવળજ્ઞાનના કારણરૂપ જે ધ્રુવ શક્તિ છે તેમાં પણ અનંતચતુષ્ટયને એક સમયમાં જાણવાની શક્તિ પડી છે, તે પણ સમર્થ છે. એ માટે કેવળજ્ઞાન જેવી તે શક્તિ પણ ધ્રુવ આનંદની દાતા છે; એક સમયમાં તે ધ્રુવ આનંદ—આદિની ત્રિકાળ દાતા છે—તોપણ અનુભવ કાર્યપર્યાયનો છે, કાર્યપર્યાયના આનંદનો અનુભવ કારણપર્યાયમાંથી આવે છે તેથી કારણપર્યાય તે જ આનંદ આપવામાં ધ્રુવ—સમર્થ છે.

'કેવળજ્ઞાન થાય ત્યારે જણાય તેમાં તો શું નવાઈ! પણ પારિણામિક સ્વભાવભાવ તે સામાન્ય, અને તેનું સામાન્યરૂપ વિશેષ તે બે થઈને દ્રવ્ય તે સામાન્ય; તેનું વિશેષ—તેનામાં પણ સહજ આનંદ આદિને જાણવાનું સામર્થ્ય છે, તે આનંદનું દાતા છે—તે કારણ પર્યાય છે. આ વિષય સૂક્ષ્મ છે. (ક્રમશઃ) ❊

**જ્યમ આભમાં સ્વયમેવ ભાસ્કર ઉષ્ણ, દેવ, પ્રકાશ છે,**
**સ્વયમેવ લોકે સિદ્ધ પણ ત્યમ જ્ઞાન, સુખ ને દેવ છે. ૬૮. –શ્રી પ્રવચનસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**एवं मणुयगदीए णाणादुक्खाइं विसहमाणो वि ।**
**ण वि धम्मे कुणदि मइं आरंभं णेय परिचयइ ॥५५॥**

**અર્થ :—**ઉપર પ્રમાણે મનુષ્યગતિમાં નાના પ્રકારનાં દુઃખોને સહવા છતાં પણ આ જીવ સદ્ધર્મમાં બુદ્ધિ કરતો નથી અને પાપારંભને છોડતો નથી. ૫૫.

બહારના સંયોગ-વિયોગ તો પૂર્વના પ્રારબ્ધ અનુસાર મળે છે, છતાં અજ્ઞાની જીવ ત્યાં પોતાનો પુરુષાર્થ માને છે અને ધર્મ કરવામાં પોતાનો વર્તમાન પુરુષાર્થ છે, તેમાં પુરુષાર્થ કરતો નથી. અરે ભાઈ! સંયોગ-વિયોગ તો પૂર્વના પ્રારબ્ધ અનુસાર થાય છે અને ધર્મ તો તારા વર્તમાન પુરુષાર્થથી થાય છે, માટે ધર્મમાં તારી બુદ્ધિને જોડ! મનુષ્યપણામાં અનેક પ્રકારના દુઃખો સહન કરવા છતાં મૂઢ જીવો ત્યાંથી વૈરાગ્ય પામીને સદ્ધર્મમાં બુદ્ધિ જોડતા નથી. જુઓ અહીં "સદ્ધર્મમાં બુદ્ધિ જોડવાનું કહ્યું—" તો તેમાં પોતાનો પુરુષાર્થ છે ને ?

પ્રશ્ન :—પણ ધર્મમાં સુઝ પડતી નથી ?

ઉત્તર :—શું નથી સૂઝતું ? "નથી સૂઝતું" એમ કોણે નક્કી કર્યું? "સ્વભાવ છે પણ તે સૂઝતો નથી" એમ કહ્યું તો તેમાં સ્વભાવનો ખ્યાલ તો આવે છે, પણ પોતે અંતર્દષ્ટિ કરીને તેનો વિશ્વાસ કરતો નથી. ચૈતન્યમાં ક્ષણિક સંકલ્પ-વિકલ્પ અજ્ઞાનીને ભાસે છે, પણ તે સંકલ્પ-વિકલ્પ વખતે ધ્રુવસ્વભાવ પડ્યો છે તે સ્વભાવનો વિશ્વાસ પોતે કરતો નથી. માટે સૂઝ પડતી નથી.

જેમ ધુમાડાના ગોટા આડે આખું વાસણ ન દેખાય, તેમ અજ્ઞાનીને એકલા સંયોગ અને વિકાર આડે ચિદાનંદ ભગવાન ભાસતો નથી. ક્ષણિક પુણ્ય-પાપને તથા સંયોગને જ દેખે છે, પણ અંતર્મુખ દૃષ્ટિ કરીને આત્માના સ્વભાવને દેખતો નથી, માટે કહ્યું કે આવો મનુષ્યભવ પામીને પણ મૂઢ જીવો સદ્ધર્મમાં બુદ્ધિને જોડતા નથી ને પ્રારંભમાં જ લાગ્યો છે, સત્સમાગમ પામીને અંદરમાં વિચાર કરે તો બધું સમજાય તેવી આ વાત છે. જીવોમાં

ગુરુ-દેવ-યતિપૂજા વિષે, વળી દાન ને સુશીલો વિષે,
જીવ રકત ઉપવાસાદિકે, શુભ-ઉપયોગસ્વરૂપ છે. ૬૯. —શ્રી પ્રવચનસાર

સમજવાની તાકાત છે, તેથી જ સંતો તેને સમજવાનો ઉપદેશ કરે છે. ધર્મી જીવો વિચાર કરે છે કે સુખ મારા સ્વભાવમાં છે, સંયોગમાં ક્યાંય મારું સુખ નથી. આખા સંસાર તરફના વલણવાળો ભાવ તે દુઃખ છે ને સ્વભાવ તરફનું વલણ કરીને તેમાં એકાગ્ર થવું તે જ સુખ છે, આમ સંસારભાવના ભાવીને ધર્મી જીવ પોતાની શુદ્ધતાની વૃદ્ધિ કરે છે.

**सधणो वि होदि णिधणो धणहीणो तह य ईसरो होदि ।**
**राया वि होदि भिच्चो भिच्चो वि य होदि णरणाहो ॥५६॥**

**अर्थ :—**ધનવાન હોય તે નિર્ધન થઈ જાય છે, એ જ પ્રમાણે નિર્ધન હોય તે ઈશ્વર થઈ જાય છે. વળી રાજા હોય તે કિંકર થઈ જાય છે અને કિંકર હોય તે રાજા થઈ જાય છે. ૫૬.

રાગ જુદા જુદા પ્રકારનો, તેના ફળમાં સંયોગ મળ્યો તે પણ જુદા જુદા પ્રકારનો અને તે વખતે જીવનો ક્ષયોપશમ પણ તે જાતનો હોય છે. સધનતામાંથી નિર્ધનતા થઈ જાય ત્યાં તે વખતે જ્ઞાનમાં પણ તેવું જ જાણવાનો ક્ષયોપશમ છે. એટલે જ્ઞાનની પ્રતીત પણ ધર્મીને ભેગી જ છે. એક માણસ પાસે લક્ષ્મી છે, ત્યારે તેના જ્ઞાનની પર્યાયમાં ‘‘લક્ષ્મી છે’’ એમ તે જાણે છે ને તે રાગ કરે છે. ત્યાં જ્ઞાનગુણ તો ત્રિકાળ છે, જ્ઞાનને કારણે લક્ષ્મી આવતી નથી. લક્ષ્મીને કારણે જ્ઞાન થયું નથી, લક્ષ્મીને કારણે રાગ પણ થયો નથી. રાગ પોતાની લાયકાતથી થયો છે. જ્ઞાનનો પર્યાય પોતાથી ખીલ્યો છે ને ધંધાનો સંયોગ જડના કારણે થયો છે, આમ સ્વતંત્રતા જાણીને સ્વભાવનું જ્ઞાન કરવું જોઈએ. વળી જ્યારે સધનતામાંથી નિર્ધનતા થઈ જાય ત્યારે જ્ઞાનનો તે વખતનો ક્ષયોપશમ તેવું જાણવાનો છે. દ્વેષનો અંશ આવી જાય, તે નિર્ધનતાના કારણે નથી. સંયોગ સત્, જ્ઞાન સત્, દ્વેષનો અંશ પણ સત્! નિર્ધનપણાના કારણે જીવ દુઃખી નથી, પણ પોતાના દ્વેષ ભાવને કારણે દુઃખી છે, તે દ્વેષ પર્યાયને જો પોતાની જાણે(પોતાનું પરિણમન) તો પર્યાયવાન્ એવું દ્રવ્ય પ્રતીતમાં આવ્યા વિના રહે નહિ.

ત્રણ લોકના નાથે કહેલી ને વસ્તુના સ્વભાવમાં ભજેલી એવી આ ચીજ છે, તે પ્રમાણથી કહેવાય છે. મોક્ષમાર્ગની આ જ રીત અને આ જ પ્રકાર છે. બીજો માર્ગ નથી. નિર્ધનતા થઈ, જ્ઞાનમાં તે જણાયું અને અણગમો થયો ત્યાં અજ્ઞાની અણગમાને જ દેખે છે; પણ તે વખતે પોતાના જ્ઞાનાનંદસ્વભાવને દેખતો નથી. અરે ભાઈ! તું નિર્ધન નથી,

**શુભયુક્ત આત્મા દેવ વા તિર્યંચ વા માનવ બને;**
**તે પર્યયે તાવત્સમય ઇન્દ્રિયસુખ વિધવિધ લહે. ૭૦. –શ્રી પ્રવચનસાર**

તારામાં ત્રિકાળ જ્ઞાનશક્તિનો ભંડાર ભર્યો છે, તેમાં એકાગ્ર થા તો કેવળજ્ઞાન પ્રગટે—એવાં નિધાન તારામાં ભર્યા છે. જ્ઞાનગુણ ત્રિકાળ છે ને તેની પર્યાય સ્વતંત્ર તે તે કાળે થાય છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં ધર્મી જાણે છે કે અરે! જીવો અંતર્મુખ વળતા નથી! ધર્મી પોતે અંતર્મુખ થઈને આવી ભાવના કરે છે.

જુઓ આ સત્‌નો મેળ! નિર્ધનતા થઈ તે તેનો કાળ છે, જ્ઞાનમાં તેવું જાણવાનો ક્ષયોપશમ થયો, તે જ્ઞાનનો કાળ છે. તે કાળે દ્વેષનો અંશ આવ્યો તે ચારિત્રની પર્યાયનો કાળ છે. આવી પ્રતીત કરે તો અંદરમાં બધું સમાધાન થઈ જાય ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય. જ્ઞાનીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી છે, તેથી નિર્ધનતામાં કે દ્વેષના અંશમાં કે તે વખતના ક્ષયોપશમમાં જ તેને "હું પણું" વેદાતું નથી, પણ ચિદાનંદ અખંડ તત્ત્વમાં જ હુંપણું વેદાય છે.

નિર્ધનમાંથી સધન થયો ત્યાં અજ્ઞાનીને એકતાબુદ્ધિથી રાગ છે, ને સધનમાંથી નિર્ધન થાય ત્યાં એકતાબુદ્ધિથી દ્વેષ થાય છે, ધર્મીને તે વખતે સ્વભાવનું ભાન છે એટલે પર્યાયબુદ્ધિ થતી નથી ને સ્વભાવને ચૂકીને તેને રાગ-દ્વેષ થતા નથી. એવા ધર્મીને યથાર્થ સંસારભાવના હોય છે.

જ્ઞાની જીવ સંસારભાવનાનો વિચાર કરે છે. અહો! જ્ઞાનસ્વભાવ વડે સ્વને જાણતાં પરપ્રકાશક જ્ઞાન ખીલે છે ને પરને જાણવાનો જેવો જ્ઞાનપર્યાય ખીલે છે તેવા સંયોગો સામે હોય છે. જ્ઞાન ખીલ્યું માટે સંયોગોને આવવું પડ્યું એમ પણ નથી, ને સંયોગો આવ્યા માટે પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું એમ પણ નથી.

સમય-સમયનો રાગપર્યાય, સમય-સમયનો જ્ઞાનપર્યાય ને નિમિત્તોની સમય-સમયનો પર્યાય—ત્રણે જુદા છે—સ્વતંત્ર છે. શુભરાગને લીધે નિમિત્તો નથી ને નિમિત્ત તથા શુભરાગને લીધે જ્ઞાનપર્યાય નથી.

ધર્મી જીવ સંસાર ભાવનાનો વિચાર કરે છે કે અહો! નિર્ધન પ્રાણી સધન થઈ જાય છે. કોઈને દેવ આવીને પ્રસન્ન થઈ જાય છે—કારણ શું? કારણ કાંઈ નથી, નિમિત્ત કારણ લેવું હોય તો પૂર્વનાં પુણ્ય, ને તેનું કારણ તેના પૂર્વના શુભ પરિણામ, લક્ષ્મીના ગંજ આવ્યા તે વખતે જ્ઞાનનો પર્યાય તે લક્ષ્મીને જાણવાની લાયકાતવાળો છે. જ્ઞાનીને પોતાનો સ્વ-પરપ્રકાશ સ્વભાવ ખીલ્યો છે. જ્ઞાનમાંથી જ્ઞાન પ્રગટ્યું છે. પરને લીધે પ્રગટ્યું નથી. પોતાના જ્ઞાનમાં રહીને રાગનું ને લક્ષ્મીનું જ્ઞાન વર્તે છે.

**સુરનેય સૌખ્ય સ્વભાવસિદ્ધ ન—સિદ્ધ છે આગમ વિષે;**
**તે દેહવેદનથી પીડિત રમણીય વિષયોમાં રમે. ૭૧. –શ્રી પ્રવચનસાર**

અજ્ઞાની જીવ પોતાની હોશિયારીથી પૈસા આવ્યા એમ માને છે, ને તેથી મને રાગ થયો એમ માને છે, ને તેથી મને જાણવું થયું એમ માને છે—આમ એકત્વબુદ્ધિ કરે છે. જ્ઞાની વિચારે છે કે બુદ્ધિહીન પુરુષો પણ પૂર્વ પુણ્યને લીધે ધનાઢ્ય થઈ જાય છે. પૂર્વનો શુભભાવ, કર્મ, લક્ષ્મી વગેરેને જેમ છે તેમ જ્ઞાની જાણે છે. લક્ષ્મી લક્ષ્મીના કારણે આવે છે તેમાં પુણ્ય નિમિત્ત છે એમ જાણે છે. ચૈતન્યનો સાધક જીવ જ્ઞાનની ભાવના ભાવે છે.

આ બધી ભાવના આનંદની ઉત્પત્તિ કરનાર છે. રાગ ઘટતો જાય છે ને સમયે–સમયે શાંતિનો અંશ વધતો જાય છે. હું જ્ઞાયક છું એવા સ્વભાવના ભાનપૂર્વક એકાગ્રતા થતી જાય છે, તે ભાવના છે.

સધનપણું તે ઠીક છે, એ વાત તો છે જ નહિ પણ આ પર્યાય આવી કેમ? ધનના પરમાણુઓ કેમ આવ્યા? પૂર્વના પુણ્યને લીધે આવ્યા એમ કહેવું તે વ્યવહાર છે. તારો જ્ઞાનસ્વભાવ તેને જાણવાનો હતો, એમ કહેવું તે પણ વ્યવહાર છે. લક્ષ્મીના પરમાણુનું આવવું સ્વતંત્ર થાય છે, એમ જ્ઞાની વિચારે છે.

ઊંધી માન્યતામાં તે રાગ જેવો હું છું, એક સમયના પર્યાય જેટલો હું છું એમ માનનાર પર્યાયબુદ્ધિવાળો જીવ નિર્ધન છે. તે આત્માની શ્રદ્ધા કરે તો સધન થાય છે.

(ક્રમશઃ) ❋

## ચૈતન્યસત્તાથી ભરપૂર —એ જ મારું સ્વરૂપ છે

આ આત્મા દેહથી જુદું અરૂપી તત્ત્વ છે, તે જ્ઞાનસ્વરૂપ છે. જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ ભરેલી છે, તેમ દરેક આત્મામાં સર્વજ્ઞ થવાની ને પૂર્ણઆનંદ પ્રગટ કરવાની તાકાત શક્તિરૂપે ભરેલી છે, પણ પોતે પોતાની શક્તિને, પોતાની પ્રભુતાને ભૂલીને રાગ-દ્વેષાદિ પરભાવોને જ નિજરૂપ માની રહ્યો છે, તેથી તે અજ્ઞાનભાવથી સંસારની ચારગતિમાં ભ્રમણ કરી રહ્યો છે, પણ આત્મા દેહથી પાર રાગથી પાર, શુદ્ધ ચૈતન્યસત્તાથી ભરપૂર છે,—એ જ મારું સ્વરૂપ છે. પુણ્યના શુભ કે પાપના અશુભ એવા જે કોઈ રાગભાવો થાય તેનાથી જ્ઞાનતત્ત્વ જુદું છે, તે જ્ઞાનતત્ત્વને રાગથી ભિન્ન અનુભવતાં ભેદજ્ઞાનરૂપ ધર્મ થાય છે ને ભાવ–નગર (શુદ્ધ ચૈતન્યભાવથી ભરેલ નગર) એવું જે આત્માનું શુદ્ધસ્વરૂપ તેમાં આત્મા પ્રવેશે છે ને આનંદના ભાવને અનુભવે છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

**તિર્યંચ-નારક-સુર-નરો જો દેહગત દુખ અનુભવે,**
**તો જીવનો ઉપયોગ એ શુભ ને અશુભ કઈ રીત છે? ૭૨. –શ્રી પ્રવચનસાર**



# સર્વજ્ઞની સિદ્ધિ અને સાચા જૈનીનું કાર્ય

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

વળી જિનદેવના ભક્ત અરિહંતના અતિશયોનું સ્વરૂપ લૌકિકમાં અન્યથા કહેતા નથી. જે ભગવાનના સમોસરણમાં જાય તે ત્યાં ધર્મ પામી જ જાય એવો ભગવાનનો અતિશય છે એ વાત ખોટી છે. જો ભગવાન પાસે આવવાથી બધા ધર્મ પામી જતા હોય તો નિમિત્તથી કાર્ય થયું , પણ એમ બનતું નથી. પણ ત્યાં જઈને જીવ પોતે પોતાના પુરુષાર્થથી ધર્મ સમજે તો આરોપથી ભગવાનને નિમિત્ત કહેવાય છે.

દરેક તત્ત્વ સ્વતંત્ર પરિપૂર્ણ છે. તું સ્વતંત્ર છો, તારે પરની જરૂર નથી—એમ ભગવાન તો દરેક તત્ત્વની સ્વતંત્રતાની જાહેરાત કરે છે. ભગવાન કોઈને તારી દેતા નથી. જો ભગવાન બીજાને તારી શકતા હોય તો એ તો આખા સંસારના સર્વ જીવોને તારી દે અને તેથી સંસારના અભાવનો જ પ્રસંગ આવી પડે. પરંતુ ભગવાન કોઈને તારી શકતા નથી. ભગવાનની વાણી પણ નિમિત્તમાત્ર છે, અને તે પણ જો પોતે સાચું સમજે તો નિમિત્ત કહેવાય છે, નહિતર નિમિત્ત પણ નથી.

ભગવાન જો કોઈને તારી દેતા હોય તો અનંતા ભગવાન થઈ ગયા છતાં તને હજી સુધી કોઈએ કેમ તાર્યો નહીં ? ભગવાને તાર્યો નહીં માટે અત્યાર સુધી રખડ્યો એમ નથી, પણ સ્વાશ્રિત સ્વભાવની સાચી સમજણના અભાવે જ અત્યાર સુધી જીવ રખડ્યો છે. એક પણ વાતમાં આડુંઅવળું ચાલે તેમ નથી. એક પણ ન્યાય ઊંધો બેઠો તો આખું તત્ત્વ ઉડી જવાનું છે. સત્‌ને બધા પડખેથી બરાબર સમજવું જોઈએ. ત્રિલોકનાથ તીર્થંકરદેવની પેઢીએ બેસીને તેમની વતી વાત કરવી છે કે ભગવાન આવા છે. આ તો ધર્મનો ધોરી માર્ગ છે, ત્રિકાળી સનાતન ધર્મની ધીખતી પેઢીનો ધોખમાર્ગ છે. સનાતન ધોખમાર્ગ અનાદિથી એક જ પ્રકારે ચાલ્યો આવે છે, તેમાં બીજું ચાલે તેમ નથી.

કોઈ કહે કે ભગવાનની મૂર્તિ જડ છે ! તો તેને કહે છે કે હજી તને જડ-ચેતનની ખબર જ ક્યાં પડી છે ? જડ શું અને ચેતન શું ? એમ એના સ્વરૂપને તો તું જાણતો નથી. તારા બાયડી—છોકરાં પણ જડ જ છે, છતાં તેના ઉપર રાગ કેમ કરે છે ? કોઈનો આત્મા

**ચક્રી અને દેવેન્દ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી**
**પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩. –શ્રી પ્રવચનસાર**

તો બાયડી–છોકરો છે નહીં તેમ જ તેમના આત્માને તું તો જાણતો નથી, માત્ર આ શરીરમાં બાયડી–છોકરાપણું માન્યું છે. હવે એ શરીર તો જડ છે, છતાં તે ઉપર અશુભરાગ કેમ કરે છે ? અને જ્યાં દેવની વાત આવે ત્યાં 'મૂર્તિ તો જડ છે' એમ બોલે છે તો તને દેવ-ગુરુની ઓળખાણ જ નથી અને તું તેમનો ભક્ત જ નથી. ભગવાનના ભક્તને પ્રથમ ભૂમિકામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો શુભરાગ આવ્યા વગર રહે જ નહીં. તે જીવ જિનદેવની સાચી પ્રતિમા તથા સાચા ગુરુ અને સાચા શાસ્ત્રનો અવિનયાદિ થવા દેતો નથી, તથા તેથી વિરુદ્ધ કુદેવાદિને આદરતો નથી. એ રીતે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને કુદેવાદિની માન્યતા છોડે છે ત્યારે તો હજી તીવ્ર મિથ્યાત્વનો તે જીવે ત્યાગ કર્યો કહેવાય છે. પૈસાની આશાએ વીતરાગ ભગવાનની ભક્તિ કરે તે ભગવાનનો ભક્ત વ્યવહારે પણ નથી. કોઈ પણ લૌકિક આશાથી સાચા દેવ-ગુરુને માનતો હોય અને કુદેવાદિને ન માનતો હોય તોપણ તે પાપી છે, તેને ગૃહીત મિથ્યાત્વ પણ છૂટ્યું કહેવાય નહીં. વીતરાગી દેવ-ગુરુ તો ધર્મ સમજવા માટેના નિમિત્તો છે, તેને બદલે લૌકિક આશાથી તેમને માને તો તેને પુણ્ય પણ ન થાય, પરંતુ પાપ બાંધે, ધર્મ સમજવો તો ક્યાંય રહ્યો !

વિષય, કષાયાદિના આશ્રય રહિત સાચા દેવાદિકથી સાચી પ્રવૃત્તિ કરવાથી ગૃહીત મિથ્યાત્વ છૂટશે. પહેલાં કુદેવાદિમાં ભક્તિ હતી તેનાથી પણ અધિક ભક્તિ સાચા દેવ-ગુરુને ઓળખીને તેમના પ્રત્યે થઈ છે કે નહીં તેનો તમે તમારા પરિણામમાં વિચાર કરો. જો પહેલાં જેટલું સાચા દેવાદિ માટે ઉમંગથી નથી કરતો તો તને સાચી પ્રીતિ પ્રગટી જ નથી. જો તને જિનદેવની અંતરંગ પ્રીતિ થઈ હશે તો તેનું કાર્ય બહાર દેખાયા વગર રહેશે નહીં. જો તને સાચા દેવ-ગુરુ-ધર્મને માટે તન, મન, ધન ખરચવાનો ઉમંગ ન આવે તો તારું ભવિષ્ય જ ખોટું છે. તને અંતરથી સાચા દેવ-ગુરુ-ધર્મની ભક્તિનો પ્રેમ ઉછળતો નથી તો તું જે કરે છે તે માત્ર લોકોને દેખાડવા ખાતર છે; પણ ભાઈ ! સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનને તું છેતરી શકીશ નહીં. કદાચ જગતને તું છેતરી શકીશ પણ સર્વજ્ઞદેવને છેતરી શકાશે નહીં; એટલે અહીં એમ કહેવાનો આશય છે કે તારા અંદરના ભાવ કરતાં જુદું ફળ તું મેળવી શકીશ નહિ, તારા ઊંધા ભાવનું સવળું ફળ તને મળશે નહિ. ખરેખર કોઈ પરને છેતરી શકતો જ નથી, પણ પોતાના ભાવને છેતરે છે.

પહેલાં જે કુદેવાદિને માટે તન, મન, ધનથી ઉત્સાહરૂપ પ્રવર્તતો હતો તે હવે સાચા દેવ-ગુરુની ઓળખાણ થતાં તેના કરતાં અધિક ઉત્સાહથી તન-મન-ધન-જ્ઞાન-કાળ-ક્ષેત્ર વગેરે ખર્ચ્યા વગર રહે જ નહિ. સાચા દેવ-ગુરુ-ધર્મ માટે ઉમંગથી તન-મન-ધન ન ખર્ચે અને કહે કે અમે સાચા દેવ-ગુરુને માનીએ છીએ તો તે કપટી છે, તેની વાત ખોટી છે. (ક્રમશઃ) ❋

# જ્ઞાનદાન અર્થાત્ શાસ્ત્રદાનનું વર્ણન

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

સમ્યગ્દર્શન વગર ક્લેશ (આનંદ નહિ પણ ક્લેશ) સહન કરીને મરી જાય તોપણ ભવ ઘટવાનો નથી. કળશ-ટીકા પૃ. ૧૨૯ માં પં. શ્રી રાજમલજી કહે છે કે—શુભક્રિયા પરંપરા—આગળ જતાં મોક્ષનું કારણ થશે—એવો અજ્ઞાનીને ભ્રમ છે. હિંસા–જૂઠું–ચોરી–અબ્રહ્મ–પરિગ્રહ એનાથી રહિતપણું, તથા મહા પરિષહોનું સહવું,–તેના ઘણા બોજાથી, ઘણા કાળ સુધી "मरके चूरा होते हुए बहुत कष्ट करते हैं तो करो" તથાપિ અજ્ઞાનવડે કર્મ ક્ષય તો થતો નથી. અજ્ઞાનીની એ બધી શુભક્રિયા તો કષ્ટરૂપ છે, દુઃખરૂપ છે, શુદ્ધસ્વરૂપના અનુભવની જેમ એ કાંઈ સુખરૂપ નથી, અનુભવનો જે પરમ આનંદ છે તેની ગંધ પણ શુભરાગમાં નથી. એવા શુભરાગને કોઈ મોક્ષનું કારણ માને,–પરંપરા પણ એ રાગ મોક્ષનું કારણ થવાનું માને તો કહે છે કે તે જૂઠો છે, ભ્રમમાં છે. મોક્ષનું કારણ એ નથી; મોક્ષનું કારણ તો શુદ્ધસ્વરૂપનો અનુભવ છે.

પ્રશ્ન :—ચોથા કાળમાં શુદ્ધસ્વરૂપનો અનુભવ તે મોક્ષનું કારણ ભલે હોય, પણ આ કઠણ પંચમકાળમાં તો રાગ મોક્ષનું કારણ હશે ને?

ઉત્તર :—પંચમકાળમાં થયેલા મુનિ પંચમકાળના જીવોને તો આ વાત સમજાવે છે. ચોથા કાળનો ધર્મ જુદો ને પંચમકાળનો ધર્મ જુદો—એમ કાંઈ નથી. ધર્મ એટલે કે મોક્ષનો માર્ગ ત્રણે કાળે એક જ પ્રકારનો છે. જ્યારે અને જ્યાં, જે કોઈ જીવ મોક્ષ પામશે તે રાગને છોડીને શુદ્ધસ્વરૂપના અનુભવથી જ મોક્ષ પામશે. ક્યારેય કોઈ પણ ક્ષેત્રે, કોઈ પણ જીવ રાગ વડે મોક્ષ પામે નહિ, એ નિયમ છે.

પહેલાં જેણે મોક્ષમાર્ગનું આવું સ્વરૂપ નક્કી કર્યું છે ને સમ્યગ્દર્શન વડે પોતામાં તેવો અંશ પ્રગટ કર્યો છે, તેને પછી રાગની મંદતાના કેવા પ્રકારો હોય તેના કથનમાં ચાર પ્રકારના દાનની વાત ચાલે છે. મુનિ વગેરે ધર્માત્મા પ્રત્યે ભક્તિથી આહારદાન-ઔષધદાન ઉપરાંત શાસ્ત્રદાનનો ભાવ પણ શ્રાવકને આવે છે. એને વીતરાગી શાસ્ત્રનો ઘણો વિનય અને બહુમાન હોય; વીતરાગી જ્ઞાનની પ્રભાવના કેમ થાય, ઘણા જીવોમાં એનો પ્રચાર કેમ થાય, એ માટે તે પોતાની શક્તિ લગાવે. આમાં બીજા જીવો સમજે

**પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,**
**તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્ભવ કરે. ૭૪. –શ્રી પ્રવચનસાર**

કે ન સમજે તેની મુખ્યતા નથી પણ ધર્મીને પોતાને સમ્યગ્જ્ઞાનનો ઘણો પ્રેમ છે તેની મુખ્યતા છે; એટલે બીજા જીવો પણ સાચું તત્ત્વજ્ઞાન કેમ પામે તેવી ભાવના ધર્મીને હોય છે.

સર્વજ્ઞદેવે કહેલા શાસ્ત્રોનું રહસ્ય પોતે જાણીને બીજાને તે સમજાવવું ને ભક્તિથી તેનો પ્રચાર કરવો તે જ્ઞાનદાન છે. અંતરમાં તો પોતે પોતાને સમ્યગ્જ્ઞાનનું દાન દીધું, ને બહારમાં બીજા જીવો પણ આવું જ્ઞાન પામે તે ભવદુઃખથી છૂટે—એવી ભાવના ધર્મીને થાય છે. શાસ્ત્રના જાણપણાના બહાને, બીજાને સમજાવવાના બહાને કે પ્રચાર કરવાના બહાને પોતાના માન–પ્રતિષ્ઠા કે મોટાઈની ભાવના હોય તો તો તે પાપ છે. ધર્મીને એવી ભાવના હોતી નથી. ધર્માત્મા તો કહે છે કે અરે, અમારી જ્ઞાનચેતનાથી અમારું કાર્ય અમારા આત્મામાં થઈ રહ્યું છે, ત્યાં બહાર બીજાને બતાવવાનું શું કામ છે! બીજા જીવો જાણે તો આને સંતોષ થાય એવું કાંઈ નથી, એને તો અંતરમાં આત્માથી જ સંતોષ છે.

'પોતે એકલા–એકલા અંતરમાં પોતાના આત્માનું કલ્યાણ કરી લ્યે તે મોટા, કે ઘણા જીવોને સમજાવે તે મોટા?'—અરે ભાઈ! બીજા સમજે કે ન સમજે તેની સાથે આને શું સંબંધ છે? કદાચિત્ બીજા ઘણા જીવો સમજે તોપણ તેમના કારણે આને જરા પણ લાભ થયો છે એમ નથી; અને ધર્મીને કદાચિત્ વાણીનો યોગ ઓછો હોય (–મૂક કેવળીભગવાનની જેમ વાણીનો યોગ ન પણ હોય) તો તેથી કાંઈ તેનો અંતરનો લાભ અટકી જાય એમ નથી. બહારમાં બીજા જીવો સમજે એના ઉપરથી ધર્મીનું માપ કાઢવા જે માંગે છે તેને ધર્મીની અંતરની દશાની ખબર નથી.

અહીં જ્ઞાનદાનમાં તો એ વાત છે કે પોતાને એવા ભાવ થાય છે કે બીજા જીવો પણ સાચું જ્ઞાન પામે; પણ બીજા જીવો સમજે કે ન સમજે તે તેમની લાયકાતથી છે, તેની સાથે આને કાંઈ લેવાદેવા નથી. પોતાને પહેલાં અજ્ઞાન હતું ને મહા દુઃખ હતું, તે ટળીને પોતાને સમ્યગ્જ્ઞાન થયું ને અપૂર્વ સુખ પ્રગટ્યું એટલે પોતાને સમ્યગ્જ્ઞાનનો મહિમા ભાસ્યો છે. તેથી બીજા જીવો પણ આવું સમ્યગ્જ્ઞાન પામે તો તેમનું દુઃખ મટે ને સુખ પ્રગટે–એમ અંતરમાં ધર્મીને જ્ઞાનની પ્રભાવનાનો ભાવ આવે છે. અને સાથે તે જ વખતે અંતરમાં શુદ્ધ આત્માની ભાવનાથી જ્ઞાનની પ્રભાવના, ઉત્કૃષ્ટ ભાવના અને વૃદ્ધિ અંતરમાં થઈ જ રહી છે.

**તે ઉદિતતૃષ્ણ જીવો, દુખિત તૃષ્ણાથી, વિષયિક સુખને**
**ઇચ્છે અને આમરણ દુખસંતપ્ત તેને ભોગવે. ૭૫. –શ્રી પ્રવચનસાર**

જુઓ, આ શ્રાવકની દશા ! આવી દશા થાય ત્યારે તો હજી જૈનનું શ્રાવકપણું કહેવાય, ને મુનિદશા તો ત્યારપછી હોય. સર્વજ્ઞનો અને સર્વજ્ઞની વાણીનો પોતે નિર્ણય કર્યો છે. જેને પોતાને જ નિર્ણય નથી તે સાચા જ્ઞાનની શું પ્રભાવના કરશે ? આ તો પોતાના જ્ઞાનમાં નિર્ણયસહિત ધર્માત્માની વાત છે, વળી ધર્માત્માને, વિશેષ બુદ્ધિવંતને બહુમાનપૂર્વક શાસ્ત્રો આપવા તે પણ જ્ઞાનદાન છે, શાસ્ત્રોના સાચા અર્થો સમજાવવા, પ્રસિદ્ધ કરવા તે પણ જ્ઞાનદાનનો પ્રકાર છે. કોઈ સાધારણ માણસને જ્ઞાનનો વિશેષ પ્રેમ હોય તો તેને શાસ્ત્રો ન મળતાં હોય તો ધર્મી તેને પ્રેમપૂર્વક શાસ્ત્રો મેળવી આપે.—આવો ભાવ ધર્મીને આવે છે. પોતાની પાસે કોઈ શાસ્ત્ર હોય ને બીજા પાસે ન હોય ત્યાં, બીજા વાંચશે તો મારાથી આગળ વધી જશે અથવા મારું માન ઘટી જશે. એમ ઈર્ષાને લીધે કે માનને લીધે; શાસ્ત્ર જોવા માંગે તોય ન આપે—એવા જીવને જ્ઞાનનો ખરો પ્રેમ નથી ને શુભભાવનું ય ઠેકાણું નથી. ભાઈ, બીજો જીવ જ્ઞાનમાં આગળ વધતો હોય તો ભલે વધે, તું તેનું અનુમોદન કરજે. તને જ્ઞાનનો પ્રેમ હોય તો, બીજા પણ જ્ઞાન પામે તેમાં અનુમોદન હોય કે ઈર્ષા હોય ? બીજાના જ્ઞાનની જો ઈર્ષા આવે છે તો તારે શાસ્ત્ર ભણી–ભણીને માન પોષવું છે, તને જ્ઞાનનો ખરો પ્રેમ નથી. જ્ઞાનના પ્રેમવાળાને બીજાના જ્ઞાનની ઈર્ષા ન હોય પણ અનુમોદના હોય. એક જીવ ઘણા વખતથી મુનિ હોય, બીજો જીવ પાછળથી હમણાં જ મુનિ થયો હોય ને તરત કેવળજ્ઞાન પામી જાય, ત્યાં પહેલા મુનિને એમ ઈર્ષા નથી થતી કે અરે, હજી તો આજે જ દીક્ષા લીધી ને મારા પહેલાં આ કેવળજ્ઞાન પામી ગયો ! પણ ઊલ્ટું અનુમોદન આવે છે કે વાહ ! ધન્ય છે એમને કે એમણે કેવળજ્ઞાન સાધી લીધું, મને પણ એ જ ઈષ્ટ છે, મારે પણ એ જ કરવાનું છે.....એમ અનુમોદનવડે તે પણ પોતાના પુરુષાર્થને ઉપાડે છે. ઈર્ષા કરનારો તો અટકી જાય છે, ને અનુમોદન કરનાર પોતાનો પુરુષાર્થ ઉપાડે છે. પોતાના અંતરમાં જ્યાં જ્ઞાનસ્વભાવનું બહુમાન છે ત્યાં રાગ વખતે જ્ઞાનની પ્રભાવનાનો ને અનુમોદનાનો ભાવ આવ્યા વિના રહે નહિ; જ્ઞાનના બહુમાનને લીધે તે થોડા જ કાળમાં કેવળજ્ઞાન પામશે. રાગનું ફળ કેવળજ્ઞાન નથી પણ જ્ઞાનના બહુમાનનું ફળ કેવળજ્ઞાન છે. અને સાથે શુભરાગથી જે ઉત્તમ પુણ્ય બંધાયા તેના ફળમાં સમવસરણાદિ રચાશે ને ઈન્દ્રો એનો મહોત્સવ કરશે. અત્યારે અહીં ભલે કોઈને ખબર ન પડે પણ કેવળજ્ઞાન થતાં ત્રણલોકમાં આશ્ચર્યકારી ખળભળાટ થઈ જશે, ઈન્દ્રો એનો મહોત્સવ કરશે ને ત્રણલોકમાં આનંદ થશે. (ક્રમશઃ) ❋

**પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;**
**જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬. –શ્રી પ્રવચનસાર**

# શ્રાવકોનું પ્રથમ કર્તવ્ય

અષ્ટપ્રાભૃત-મોક્ષપ્રાભૃતમાં કુંદકુંદસ્વામીએ શ્રાવકનાં પ્રથમ કર્તવ્યનો સુંદર ઉપદેશ આપ્યો છે, જે સમ્યક્ત્વની ભક્તિ અને પ્રેરણા જગાડે છે.

**गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंपं।**
**तं झाणे झाइज्जइ सावय! दुक्खक्खयट्ठाए॥८६॥**

**गृहीत्वा च सम्यक्त्वं सुनिर्मलं सुरगिरेरिव निष्कंपम्।**
**तत् ध्याने ध्यायते श्रावक ! दुःखक्षयार्थे॥८६॥**

અર્થ :—હે શ્રાવક! પ્રથમ તો સુનિર્મલ કહેતાં સારી રીતે નિર્મળ અને મેરુવત્ નિષ્કંપ, અચળ અને ચળ, મલિન તથા અગાઢ એ ત્રણ દૂષણ રહિત અત્યંત નિશ્ચળ એવા સમ્યક્ત્વને ગ્રહણ કરી, તેને (સમ્યક્ત્વના વિષયભૂત એકરૂપ આત્માને) ધ્યાનમાં ધ્યાવવું; શા માટે ધ્યાવવું? કે દુ:ખના ક્ષયને અર્થે ધ્યાવવું.

ભાવાર્થ :—શ્રાવકે પહેલાં તો નિરતિચાર નિશ્ચળ સમ્યક્ત્વને ગ્રહણ કરી તેનું ધ્યાન કરવું, કે જે સમ્યક્ત્વની ભાવનાથી ગૃહસ્થને ગૃહકાર્યસંબંધી આકુળતા, ક્ષોભ, દુ:ખ હોય તે મટી જાય. કાર્યના બગડવા—સુધરવામાં વસ્તુના સ્વરૂપનો વિચાર આવે ત્યારે દુ:ખ મટી જાય. સમ્યગ્દષ્ટિને એવો વિચાર હોય છે કે સર્વજ્ઞે જેવું વસ્તુનું સ્વરૂપ જાણ્યું છે, તેમ નિરંતર પરિણમે છે, અને તેમ થાય છે, તેમાં ઈષ્ટ-અનિષ્ટ માની દુ:ખી-સુખી થવું તે નિષ્ફળ છે; એવા વિચારથી દુ:ખ મટે, તે પ્રત્યક્ષ અનુભવગોચર છે. તેથી સમ્યક્ત્વનું ધ્યાન કરવાનું કહ્યું છે. (મોક્ષપાહુડ ગા. ૮૬)

**સમ્યક્ત્વના ધ્યાનનો મહિમા**

**सम्मत्तं जो झायइ सम्माइट्ठी हवेइ सो जीवो।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माणि॥८७॥**

**सम्यक्त्वं यः ध्यायति सम्यग्दृष्टिः भवति सः जीवः।**
**सम्यक्त्वपरिणतः पुनः क्षपयति दुष्टाष्टकर्माणि॥८७॥**

અર્થ :—જે જીવ સમ્યક્ત્વને ધ્યાવે છે, તે સમ્યગ્દષ્ટિ છે; વળી તે સમ્યક્ત્વરૂપ પરિણમતાં જે દુષ્ટ આઠ કર્મો તેનો ક્ષય કરે છે.

નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭. —શ્રી પ્રવચનસાર

ભાવાર્થ :—સમ્યક્ત્વનું ધ્યાન એવું છે કે જો પહેલાં સમ્યક્ત્વ ન થયું હોય તોપણ તેના સ્વરૂપને જાણી તેને ધ્યાવે તો તે સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. વળી, સમ્યક્ત્વ પ્રાપ્ત થયે જીવનાં પરિણામ એવાં હોય છે કે સંસારના કારણરૂપ જે દુષ્ટ આઠ કર્મો તેનો ક્ષય થાય છે; સમ્યક્ત્વ થતાં જ કર્મની ગુણશ્રેણી નિર્જરા થતી જાય છે. અનુક્રમે મુનિ થાય ત્યારે, ચારિત્ર અને શુક્લધ્યાન તેના સહકારી થતાં સર્વે કર્મોનો નાશ થાય છે.

(મોક્ષપાહુડ ગા. ૮૭)

**સમ્યક્ત્વનું માહાત્મ્ય**

**किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले।**
**सिज्झिहहि जे वि भविया तं जाणइ सम्ममाहप्पं।।८८।।**

**किं बहुना भणितेन ये सिद्धाः नरवराः गते काले।**
**सेत्स्यंति येऽपि भव्याः तज्जानीत सम्यक्त्वमाहात्म्यम्।।८८।।**

અર્થ :—ભગવાન સૂત્રકાર કહે છે કે—ઘણું કહેવાથી શું સાધ્ય છે? જે નરપ્રધાન ભૂતકાળમાં સિદ્ધ થયા તથા ભવિષ્યમાં સિદ્ધ થશે તે સમ્યક્ત્વનું માહાત્મ્ય જાણો.

ભાવાર્થ :—આ સમ્યક્ત્વનું એવું માહાત્મ્ય છે કે આઠ કર્મોનો નાશ કરી જે ભૂતકાળમાં મુક્તિ પ્રાપ્ત થયા છે તથા ભવિષ્યમાં થશે, તે આ સમ્યક્ત્વથી જ થયા છે અને થશે. તેથી આચાર્યદેવ કહે છે કે વિશેષ શું કહેવું? સંક્ષેપમાં સમજો કે મુક્તિનું પ્રધાન કારણ આ સમ્યક્ત્વ જ છે. એમ ન જાણો કે ગૃહસ્થીઓને શું ધર્મ હોય? આ સમ્યક્ત્વધર્મ એવો છે કે જે સર્વ ધર્મના અંગને (શ્રાવકધર્મ તેમજ મુનિધર્મને) સફળ કરે છે. (મોક્ષપાહુડ ગા. ૮૮)

જે નિરંતર સમ્યક્ત્વ પાળે છે, તે ધન્ય છે


**ते धण्णा सुकयत्था ते सूरा ते वि पंडिया मणुया।**
**सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं।।८९।।**

**ते धन्याः सुकृतार्थाः ते शूराः तेऽपि पंडिता मनुजाः।**
**सम्यक्त्वं सिद्धिकरं स्वप्नेऽपि न मलिनितं यैः।।८९।।**

અર્થ :—જે પુરુષને મુક્તિનું કરવાવાળું સમ્યક્ત્વ છે, અને તેને (સમ્યક્ત્વને)

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)

**વિદિતાર્થ એ રીત, રાગદ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે,**
**શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુખનો કરે. ૭૮. –શ્રી પ્રવચનસાર**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૧

**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ–દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.**

**'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો.'**

આ બેનનાં વચનામૃતનો ૨૧મો બોલ છે. જરા વિચાર કરવાનો અવકાશ હોય એને સમજવા માટે આ વાત છે. બાપુ! જેને હજી લૌકિક નીતિનાં ઠેકાણાં ન હોય તેને આ વાત સમજવામાં આવે નહિ. સાંભળવા મળે તોપણ એને રુચે નહિ.

જે જ્ઞાન ને આનંદનો કંદ છે, જેમાં અનંત ગુણ વસેલા છે, એવી જે વસ્તુ-ચીજ છે તેને અહીં 'ચૈતન્ય' કહ્યું છે.

આ આનંદસ્વરૂપ ચૈતન્યભગવાનને ચૈતન્યમાંથી પરિણમેલી—અંતરમાંથી થયેલી—દશા એટલે કે રાગ-દ્વેષરૂપ સંસારના પરિણામમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. સંસારનાં પાપના પરિણામની રુચિ તો ન હોય, પણ પુણ્યના પરિણામની પણ અંદર રુચિ ન હોય. જેને પાપના તીવ્ર પરિણામ છે તેને તો આ વાત સાંભળવી પણ અંદર ન રુચે.

પ્રશ્ન :—છૂટવાનો રસ્તો જોઈએ ને?

ઉત્તર :—આ રસ્તો છૂટવાનો છે. ચૈતન્ય આત્માને આત્મામાંથી પરિણમેલી—રાગ- આદિમાંથી નહિ જન્મેલી–ભાવના એ જ છૂટવાનો રસ્તો છે.

અહા! સહેલા શબ્દોમાં આ, બેનની અનુભવની વાણી છે. તેમને અસંખ્યાત

> જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,
> જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯. –શ્રી પ્રવચનસાર

અબજો વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. બેનને અસંખ્ય અબજો વર્ષનું ઘણું સ્પષ્ટ જ્ઞાન છે, કેમ કે પોતે પૂર્વે ત્રીજા સનત્કુમાર સ્વર્ગમાં હતા તે યાદ આવે છે તેમ જ ત્યારપહેલાંના ભવો પણ યાદ આવે છે. જેમ કાલની વાત યાદ આવે એમ અસંખ્ય અબજો વર્ષની વાત યાદ આવી છે.

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે આત્મામાંથી થયેલી દશા હોય તો તે ફળે જ. આ વાત નવી નથી; જૈન પરમેશ્વર, તીર્થંકર, ત્રિલોકનાથ પરમાત્મા કહી રહ્યા છે તે આ વાત છે. સમજવા માટે એને પોતાને નવી લાગે, પણ સર્વજ્ઞ પરમાત્માની વાણી તો પ્રવાહે અનાદિથી ચાલે છે. અહીં ભરત ને ઐરાવતમાં તીર્થંકરનો વિરહ પડે પણ મહાવિદેહમાં કોઈ દિવસ તીર્થંકરનો વિરહ ન હોય. અહા! તું ત્યાં અનંત વાર જન્મ્યો છે ને સમવસરણમાં પણ ગયો છે, પણ અંતરમાંથી ઘા વાગ્યો નથી. બહારની રુચિ ને પ્રેમમાં ત્યાં ને ત્યાં અટવાણો.

જરી સૂક્ષ્મ વાત છે. બેન બોલી ગયાં છે; ત્યારે બ્રહ્મચારી દીકરીઓ બેઠી હશે. એમણે થોડું લખેલું એટલે આ બહાર આવ્યું; નહિ તો બહાર આવે નહિ. બેનની નીચે ૬૪ બાળબ્રહ્મચારી દીકરીઓ છે. તેમાં કેટલીક ગ્રેજ્યુએટ ને લાખોપતિની દીકરીઓ છે.

બેન તો બહારથી મરી ગયેલાં છે.

એમને તો અતીન્દ્રિય આનંદ એટલો ઊઘડ્યો છે કે જેના રસ આગળ, કોણ સામું જુએ છે ને કોણ પગે લાગે છે તેની કાંઈ દરકાર નથી.

એમનાં રાત્રિનાં વાંચનમાં આ વચનો નીકળી ગયાં છે.

આત્માને આત્મામાંથી પરિણમેલી...ભાવના ફળ્યે જ છૂટકો.

પ્રશ્ન :—'પરિણમેલી' કેમ લીધું?

ઉત્તર :—એકલી કલ્પના કે જાણપણાની ધારણા કરી રાખી છે એમ નહિ, પણ પોતાને અંદર તે પ્રકારનું પરિણમન થયું છે. આત્મા જ્ઞાનાનંદ છે તેવી દશા થઈ છે, જાણપણું કે ધારણા રાખીને વાત કરી નથી.

'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના'—શબ્દો થોડા છે પણ ભાવ ઘણા ઊંચા છે. ચૈતન્ય કહેવો કોને ? પરમાનંદ ને પરમજ્ઞાનની શક્તિના પિંડલાને—સ્વભાવે

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦. –શ્રી પ્રવચનસાર

જે અનાદિ-અનંત છે, અતીન્દ્રિય સચ્ચિદાનંદમય દ્રવ્ય છે એ ત્રિકાળી ચીજને. આવરણ રહિત એવી અંદર જે ચીજ છે એની દૃષ્ટિ થઈને એમાંથી પરિણમેલી દશા એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ભાવના યથાર્થ હોય તો તે ફળ્યે જ છૂટકો. વાત તો આ છે; બાકી બધું ઘણું જોયું. પાલેજમાં પાંચ વર્ષ દુકાન ચલાવી; ત્યાં પણ હું તો શાસ્ત્ર જ વાંચતો. પૂર્વના સંસ્કાર હતા ને !

રાગ-દ્વેષ નહિ, પુણ્ય-પાપ નહિ, જેનાં નૈતિક જીવન ઊંચાં હોય છે તે તરફ પણ લક્ષ નહિ, પણ અંતરમાં જે ચૈતન્યવસ્તુ છે તેની દૃષ્ટિ થતાં તેમાંથી નીકળેલી—પરિણમેલી દશા, ચૈતન્યના દળમાંથી—જેમ કૂવામાંથી અવેડામાં આવે, પ્રાપ્તની પ્રાપ્તિ થાય તેમ

—પરિણમીને પ્રવાહ આવ્યો એવી જે દશા એટલે કે રાગદ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ફળે જ. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૬ થી ચાલુ)

સ્વપ્નાવસ્થા વિષે પણ મલિન કર્યું નથી–અતિચાર લગાવ્યો નથી, તે પુરુષ ધન્ય છે, તે જ મનુષ્ય છે, તે જ કૃતાર્થ છે, તે જ શૂરવીર છે, અને તે જ પંડિત છે.

ભાવાર્થ :—લોકમાં કંઈ દાનાદિ કરે તેને ધન્ય કહે છે, તથા વિવાહ–પૂજન–યજ્ઞાદિ કરે તેને કૃતાર્થ કહે છે, યુદ્ધમાં પાછો ન ફરે તેને શૂરવીર કહે છે, ઘણા શાસ્ત્રો ભણે તેને પંડિત કહે છે,—એ બધું કથનમાત્ર છે. મોક્ષનું કારણ જે સમ્યક્ત્વ તેને મલિન ન કરે–નિરતિચાર પાળે, તે જ ધન્ય છે, તે જ કૃતાર્થ છે, તે જ શૂરવીર છે, તે જ પંડિત છે, તે જ મનુષ્ય છે; એ (સમ્યક્ત્વ) વિના મનુષ્ય પશુસમાન છે; એવું સમ્યક્ત્વનું માહાત્મ્ય કહ્યું છે. (મોક્ષપાહુડ ગા. ૮૯)

સમ્યક્ત્વ એ જ પ્રથમ ધર્મ છે અને એ જ પ્રથમ કર્તવ્ય છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને તપમાં સમ્યક્પણું આવતું નથી; સમ્યગ્દર્શન જ જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને તપનો આધાર છે. જેમ મોઢાને સુંદરતા આંખો વડે પ્રાપ્ત થાય છે તેમ સમ્યગ્દર્શનથી જ્ઞાનાદિમાં સમ્યક્પણું પ્રાપ્ત થાય છે. (ક્રમશઃ)

જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,
જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧. –શ્રી પ્રવચનસાર

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહી છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આખા દ્રવ્યને પ્રમાણજ્ઞાનથી જોતાં પર્યાય કથંચિત્ ભિન્ન છે ને કથંચિત્ અભિન્ન છે એમ કહેવાય પણ શુદ્ધનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવની અપેક્ષાથી જોતાં ખરેખર દ્રવ્યથી પર્યાય ભિન્ન જ છે. પર્યાયાર્થિકનયથી જોતાં પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. પ્રયોજનની સિદ્ધિ માટે તો પર્યાયને ગૌણ કરી, અવિદ્યમાન જ ગણી ત્રિકાળી ધ્રુવને મુખ્ય કરી ભૂતાર્થનો આશ્રય કરાવ્યો છે.

પ્રમત્તપર્યાય પરદ્રવ્યના નિમિત્તથી મલિન થાય છે એમ કહ્યું પણ અપ્રમત્તપર્યાયને પણ પરદ્રવ્યના સંયોગજનિત કહી દીધી છે. ઔદયિકાદિ ચાર ભાવને આવરણવાળા કહ્યા છે. કેવળજ્ઞાનની ક્ષાયિક પર્યાય પણ કર્મકૃત (પંચાસ્તિકાયમાં) કહી છે કારણ કે તેમાં કર્મના અભાવની અપેક્ષા આવે છે. ચાર ભાવો તે જ્ઞાયકસ્વભાવમાં નથી, કર્મની અપેક્ષા આવવાથી કર્મકૃત કહ્યાં છે.

ભગવાને કહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં સમર્થ એવો દ્રવ્યલિંગી મુનિ દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરેમાં તો ચિત્તને જોડે છે, પણ નિત્યાનંદ પ્રભુ નિજ કારણપરમાત્મામાં ક્યારેય ચિત્તને જોડતો નથી તેથી તે અન્યવશ છે. પર એવા વિકલ્પોને વશ થતો હોવાથી અન્યવશ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના વિકલ્પમાં ચિત્તને જોડે છે તે ઝેરના પ્યાલા પીએ છે. નિત્યાનંદ નિજ કારણપરમાત્મામાં ચિત્તને જોડે છે તે અનાકુલ આનંદરસના પ્યાલા પીએ છે.

શ્રોતા :—અનાદિના અજ્ઞાની જીવને, સમ્યગ્દર્શન પામ્યા પહેલાં તો એકલો વિકલ્પ જ હોય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના; એકલો વિકલ્પ નથી. સ્વભાવ તરફ ઢળી રહેલા જીવને

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને. ૮૨. –શ્રી પ્રવચનસાર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—વિકલ્પોથી દૂર થવું જોઈએ તે થવાતું નથી. ખ્યાલ છે કે રસ્તો એક જ છે, ધ્યાન સિવાય છુટકારો નથી. પણ ધ્યાન કરવું કેવી રીતે ?

પૂજ્ય બહેનશ્રી :—પ્રથમ ભેદજ્ઞાન થવું જોઈએ. ભેદજ્ઞાન થયા પછી યથાર્થ ધ્યાન થાય. એકાગ્રતા ક્યારે થાય ? કે મૂળ વસ્તુને પકડે—ગ્રહણ કરે કે હું જાણનાર જ્ઞાયક છું. આમ તેના અસ્તિત્વને અંતરમાંથી ગ્રહણ કરે તો ધ્યાન થાય. પહેલાં ઉપર ઉપરથી બુદ્ધિથી ગ્રહણ કરે, પછી તેને અંદર પરિણતિથી ગ્રહણ કરવું જોઈએ. વસ્તુનું અસ્તિત્વ ગ્રહણ કરે તો તેની શ્રદ્ધા બરાબર થાય અને તો તેમાં એકાગ્ર થાય. મૂળ વસ્તુને ગ્રહણ કર્યા વગર ચિત્ત ક્યાં સ્થિર થાય ? મૂળ વસ્તુને ગ્રહણ કરે તો ચિત્ત સ્થિર થાય. હું ચૈતન્ય એક પદાર્થ છું. જેમ બીજા બધા પદાર્થ દેખાય છે તેમ ચેતન પણ એક પદાર્થ છે. તે અનંતગુણોથી અર્થાત્ અનંત શક્તિઓથી ભરેલો એવો ચૈતન્ય પદાર્થ છે. તેને ગ્રહણ કરે તો ધ્યાન થાય.

તેને શરીર અને વિભાવ સાથે એકત્વબુદ્ધિ થઈ રહી છે કે શરીર તે હું અને હું તે શરીર; વિકલ્પ તે હું અને હું તે વિકલ્પ. પણ હું જુદો કોણ છું તે જુદાનું અસ્તિત્વ તેને દેખાતું નથી. માટે પોતાનું જુદું અસ્તિત્વ પહેલાં ગ્રહણ કરવું જોઈએ. જેને બુદ્ધિમાં યથાર્થ ગ્રહણ થાય તેને યથાર્થ ધ્યાન થાય, માટે પહેલાં ભેદજ્ઞાન કરવાની જરૂર છે. ક્ષણે ક્ષણે જે વિકલ્પ આવે છે તે વિકલ્પ મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ તો જાણનાર જે અંદર છે તે હું છું, આવા જાણનારનું અસ્તિત્વ ગ્રહણ કરતાં ધ્યાન થાય. પહેલાં યથાર્થ રુચિ થાય, મહિમા લાગે, અને અંતર ચેતનમાં જ સર્વસ્વ છે, બીજું કાંઈ સર્વસ્વ—સારભૂત નથી, એમ યથાર્થ ગ્રહણ થાય ત્યારે ધ્યાન થાય એવું વસ્તુનું સ્વરૂપ છે.

પાણી પોતે સ્વભાવે નિર્મળ છે, મલિનતા કાદવને લઈને આવી છે. એમાં નિર્મળી ઔષધિ નાખે તો પાણી અને કાદવ જુદા થાય. તેમ આત્મા સ્વભાવે નિર્મળ છે કેમ કે જે પદાર્થ હોય તેનો સ્વભાવ કાંઈ મલિન ન હોય, તેમાં મલિનતા વિભાવને લઈને આવી છે. જેમ પાણીમાં ઔષધિ નાખવાથી પાણી નિર્મળ થાય, તેમ પોતે જ્ઞાનરૂપી ઔષધિ દ્વારા પોતાનો સ્વભાવ જે નિર્મળ છે તેને ગ્રહણ કરે તો નિર્મળતા પ્રગટ થાય. માટે પહેલાં ભેદજ્ઞાન કરવું જોઈએ. પહેલાં યથાર્થ જ્ઞાન કરે તો યથાર્થ ધ્યાન થાય.

## બાળ વિભાગ

# સૂકરની કથા

જેમ ફળદ્રુપ જમીનમાં વાવેલું નાનું વડલાનું બીજ, યોગ્યકાળે વિશાળ છાયા અને અનેક ફળોરૂપે ફળે છે, તેમ યોગ્ય પાત્રને દીધેલું અલ્પ દાન પણ યોગ્ય સમયે જીવને (દાતારને) વિશાળ ઐશ્વર્ય, સંપત્તિ અને ઈચ્છાનુસાર અનેક ભોગોપભોગાદિ ફળરૂપે ફળે છે. વૈયાવૃત્ય (દાન)ના ચાર પ્રકાર છે—(૧) આહારદાન, (૨) ઔષધદાન, (૩) ઉપકરણદાન, (૪) આવાસદાન. તેમાં આવાસદાનમાં સૂકરની કથા આપવામાં આવે છે.

માલવ દેશમાં ઘટ ગામમાં દેવિલ નામનો કુંભાર અને ધમિલ્લ નામનો હજામ હતો. તે બંનેએ મુસાફરોને રહેવા માટે દેવકુળ કરાવ્યું.

એક દિવસ દેવિલે મુનિને ત્યાં પહેલા રાખ્યા અને પછી ધમિલ્લે ભિક્ષુકને ત્યાં લાવી રાખ્યો. ધમિલ્લ અને ભિક્ષુક બંને દ્વારા કાઢી મૂકાયેલા તે મુનિ વૃક્ષના મૂળમાં રાત્રે ડાંસ–મચ્છર–શીત આદિ સહન કરતા ઠર્યા. પ્રભાતે દેવિલ અને ધમિલ્લ–બંને તે કારણે પરસ્પર યુદ્ધ કરીને મર્યા અને વિન્ધ્યદેશમાં અનુક્રમે મોટો ભૂંડ અને વાઘ તરીકે જન્મ્યા અને મોટા થયા.

જે ગુફામાં તે ભૂંડ રહેતો હતો તે જ ગુફામાં એક દિવસ સમાધિગુપ્ત અને ત્રિગુપ્ત નામના બે મુનિ આવીને રહ્યા. તે બંનેને જોઈને શૂકર થયેલા દેવિલને જાતિસ્મરણ થયું અને ધર્મનું શ્રવણ કરીને તેણે વ્રત અંગીકાર કર્યું.

તે દરમિયાન મનુષ્યની ગંધ સૂંઘીને મુનિનું ભક્ષણ કરવા માટે વાઘ પણ ત્યાં આવ્યો. ભૂંડ તે બંનેની રક્ષા નિમિત્તે ગુફાના દ્વારે ઊભો રહ્યો. ત્યાં પણ તેઓ બંને એકબીજા સાથે લડી મરણ પામ્યા. ભૂંડ મુનિની રક્ષાના અભિપ્રાયથી–શુભ ભાવથી મરીને સૌધર્મસ્વર્ગમાં મહાઋદ્ધિવાળો દેવ થયો અને વાઘ મુનિના ભક્ષણના અભિપ્રાયથી અતિરૌદ્ર અભિપ્રાયને લીધે મરીને નરકે ગયો. વસતિદાનનું આ ફળ છે.



દ્રવ્યાદિકે મૂઢ ભાવ વર્તે જીવને, તે મોહ છે;
તે મોહથી આચ્છન્ન રાગી-દ્વેષી થઈ ક્ષોભિત બને. ૮૩. –શ્રી પ્રવચનસાર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક–૧ (કુલ માર્ક્સ–૫૦)

અભ્યાસ ક્રમ –બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગાથા ૧ થી ૭

પરીક્ષાર્થીનું નામ : ................................................... ઉંમર : ..........
મંડળનું નામ : ........................................... ગામનું નામ : ................
ફોન નં.: ...................................................... તા. ૧-૯-૨૦૧૫

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ ૨૦ પ્રશ્નોના જવાબ લખો. (બે લાઈન) ૨૦**

(૧) મુનિરાજે બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગ્રંથ કોના માટે રચ્યો છે ? તેઓ ક્યાંના છે ? અને કેવા ગુણોના ધારક છે ?
(૨) ભાવસ્તવન કોને કહેવાય છે ?
૩) ભગવાનને કરવામાં આવતો વચનરૂપ દ્રવ્ય સ્તવન નમસ્કાર ક્યા નયથી છે ?
(૪) ક્યા નયની અપેક્ષાએ વંદ્ય-વંદકભાવ નથી.
(૫) મુનિરાજ મંગલાચરણમાં કોને નમસ્કાર કરે છે ? તેઓ કેવા છે ?
(૬) તીર્થંકર ભગવાને શાનો ઉપદેશ કર્યો છે ?
(૭) જિનવરવૃષભનો અર્થ સમજાવો.
(૮) આ ગ્રંથમાં સિદ્ધ ભગવાનને બદલે અર્હંત ભગવાનને નમસ્કાર કરવાનું કારણ શું છે ?
(૯) મંગલાચરણમાં ઈષ્ટદેવની સ્તુતિ ક્યા ચાર કારણોસર કરવામાં આવે છે ?
(૧૦) આ ગ્રંથ રચવાનું પ્રયોજન શું છે ?
(૧૧) ચાર પ્રાણો ક્યા ભાવથી છે ? તેઓ કોનાથી વિપરીત અથવા પ્રતિપક્ષભૂત છે ?
(૧૨) ગાથા નં. ૩ની ટીકામાં ચાર્વાકમતાનુસારી શિષ્યને જીવની સિદ્ધિ કરવા માટે ક્યા દૃષ્ટાંત આપવામાં આવ્યા છે ?
(૧૩) ઉપયોગના મુખ્યપણે ક્યા ભેદ છે ? દર્શનોપયોગના ભેદ કેટલા છે તે જણાવો.
(૧૪) જ્ઞાનોપયોગ કેટલા અને ક્યા પ્રકારનો છે ?
(૧૫) નિશ્ચય ભાવશ્રુતજ્ઞાન કેવું છે ?
(૧૬) જો કે તત્ત્વાર્થસૂત્રમાં મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યા હોવા છતાં ભાવશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ કઈ રીતે છે ?
(૧૭) સમ્યક્જ્ઞાનના ભેદોમાં કેટલા પરોક્ષ, કેટલા એકદેશ પ્રત્યક્ષ અને પ્રત્યક્ષ છે ?
(૧૮) સુઅવધિજ્ઞાનની પરિભાષા આપો.
(૧૯) મનઃપર્યયજ્ઞાન કોના ક્ષયોપશમથી અને કોના અવલંબનથી થાય છે ?
(૨૦) નૈયાયિક મતની ગુણ-ગુણી ભેદની એકાંત માન્યતાનું નિરાકરણ આચાર્યદેવ કઈ ગાથાઓ દ્વારા કરે છે ?

(૨૧) જીવ નિશ્ચયનયે અમૂર્તિક હોવા છતાં વ્યવહારનયે મૂર્તિક શા માટે કહેવાય છે ?

(૨૨) આ ગ્રંથની સાતમી ગાથાનું તાત્પર્ય શું છે ? તેમાં આચાર્યદેવ ક્યા મતોનું ખંડન કરે છે ?

**પ્રશ્ન-૨ : નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.　　　　૧૫**

(૧) બીજી ગાથામાં જીવદ્રવ્ય સંબંધી કેટલા અધિકારો છે ? તેમના નામ જણાવો.

(૨) બીજી ગાથામાં જીવના ક્યા વિશેષણો દ્વારા ક્યા મતોનું ખંડન કર્યું છે તે જણાવો.

(૩) અધ્યાત્મભાષાથી નયોના લક્ષણ સમજાવો.

(૪) આત્મા કેવા દર્શન સ્વભાવવાળો છે ? આમ હોવા છતાં તેને ચાર પ્રકારનો દર્શનોપયોગ શા માટે થાય છે ?

(૫) શાસ્ત્રોમાં 'તાવત્' અને 'પશ્ચાત્' અર્થાત્ 'પ્રથમ' અને 'પછી'—તે શબ્દો કાળવાચક છે ? સ્પષ્ટ કરો.

**પ્રશ્ન-૩ : નીચેના શબ્દોના અર્થ લખો　　　　૫**

(૧) સંબંધ (૨) અભિધેય (૩) પ્રયોજન (૪) વ્યાખ્યાન (૫) વ્યાખ્યેય

**પ્રશ્ન-૪ : નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.　　　　૧૦**

(૧) જ્ઞાનોપયોગના ભેદ નય વિવક્ષાથી સમજાવો.

(૨) જીવના પ્રાણોની વ્યવસ્થા નય વિવક્ષાથી સમજાવો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૫-૧૦-૨૦૧૫ સુધીમાં સોનગઢ પહોંચાડવા વિનંતી

---

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ)

વિકલ્પ હોવા છતાં તે જ વખતે આત્મસ્વભાવના મહિમાનું લક્ષ પણ કામ કરે છે, ને તે લક્ષના જોરે જ તે જીવ આત્મા તરફ આગળ વધે છે; કાંઈ વિકલ્પના જોરથી આગળ નથી વધાતું...રાગ તરફનું જોર તૂટવા માંડ્યું ને સ્વભાવ તરફનું જોર વધવા માંડ્યું, ત્યાં (સવિકલ્પદશા હોવા છતાં) એકલો રાગ જ કામ નથી કરતો, પણ રાગના અવલંબન વગરનો, સ્વભાવ તરફના જોરવાળો એક ભાવ પણ ત્યાં કામ કરે છે, અને તેના જોરે આગળ વધતો વધતો, પુરુષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન પામી જાય છે.

---

## સુવર્ણપુરીમાં દ્વિતીય 'દીપાવલી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં શ્રી દાદર દિગમ્બર જૈન મુમુક્ષુમંડળના સૌજન્યથી તા. ૧૧-૧૧-૧૫, બુધવારથી તા. ૧૫-૧૧-૧૫, રવિવાર સુધી દ્વિતીય 'દીપાવલી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક મંડળોને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથે આ શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે.

# શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, ઘાટકોપર-મુંબઈ દ્વારા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના ૧૦૨મા મંગલ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી સાનંદ સંપન્ન

[તા. ૨૭-૮-૧૫ ગુરુવારથી ૩૧-૮-૧૫ સોમવાર]

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, ઘાટકોપર-મુંબઈ દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો ૧૦૨મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો. મુમુક્ષુ ભાઈ-બહેનોનો આ ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ એવો અનેરો હતો કે ઉત્સવની શરૂઆતથી જ મુમુક્ષુઓનું સુવર્ણપુરીમાં આગમન શરૂ થઈ ગયું હતું. ઉત્સવના અગાઉના દિવસોથી જ ઘણા મુમુક્ષુઓ સુવર્ણપુરી આવી ગયા હતા.

મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણીથી ગુંજી ઉઠી અને ભક્તોથી આખો મંડપ ભરાઈ ગયો, તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો.

**✻ ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ✻**

પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાનો લાભ દરરોજ સવારે મુમુક્ષુઓને પ્રાપ્ત થતો હતો. આ તત્ત્વચર્ચાથી વિવિધ પ્રાંતોમાંથી આવેલા મુમુક્ષુઓ અત્યંત પ્રસન્ન જણાતા હતા.

**શ્રી તીર્થમંડલ પૂજન વિધાન** :—આ પૂજન વિધાન માટે આયોજકો દ્વારા પરમાગમ મંદિરમાં વિવિધ તીર્થોની પ્રતિકૃતિઓ બનાવી માંડલું અત્યંત સુંદર તથા આકર્ષક રીતે તૈયાર કરવામાં આવ્યું હતું. જે મુમુક્ષુઓને દર્શનીય લાગ્યું હતું આ પૂજન વિધાનના સૌજન્યનો લાભ શ્રી જિતેન્દ્રભાઈ વ્રજલાલ શાહને મળ્યો હતો. પાંચ દિવસ ચાલેલા આ વિધાન પૂજન પ્રસંગે પરમાગમમંદિર મુમુક્ષુઓથી ભરાઈ જતું હતું

**પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણકારી પ્રવચનો** :—મહોત્સવના પાંચે દિવસ સવારે શ્રી પ્રવચનસાર તથા રાત્રે પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં નિજાત્મહિતકારી સીડી પ્રવચનો થયાં, જેનો મુમુક્ષુઓએ અત્યંત ભક્તિભાવ તેમ જ ઉલ્લાસથી ભરપૂર લાભ લીધો.

**ધાર્મિક શિક્ષણવર્ગો** :— બા.બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ) આ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. ભક્તિની સાથે સાથે મુમુક્ષુઓને તત્ત્વજ્ઞાનના અભ્યાસનો પણ લાભ મળે તે હેતુથી શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સુભાષભાઈ શેઠે (વાંકાનેર) સમયસાર તથા શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) દ્વારા શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર શિક્ષણ આપવામાં આવ્યું હતું. તથા પરમાગમમંદિરમાં શ્રી નીતિનભાઈ શેઠે (વાંકાનેર) અને શ્રી અતુલભાઈ કામદાર (હૈદરાબાદ) દ્વારા મધ્યમવર્ગ પણ ચલાવવામાં આવ્યો હતો, જેમાં સર્વે મુમુક્ષુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**વિદ્વાનો દ્વારા શાસ્ત્ર વાંચન** :—બપોરે શ્રી નિરંજનભાઈ ડેલીવાળા (સુરત), શ્રી વિરાટભાઈ

વોરા (અમદાવાદ), શ્રી નીતિનભાઈ શેઠે (વાંકાનેર), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), તથા ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ) દ્વારા તલસ્પર્શી ભક્તિસભર ભાવવાહી પ્રવચનો થયાં હતાં.

**સાંજી ભક્તિ** :—બપોરના ૪.૧૦ થી ૫.૦૦ પરમાગમમંદિરમાં સાંજી ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન વિવિધ મુમુક્ષુઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

**સાંસ્કૃતિક કાર્યક્રમો** :—આ મહોત્સવમાં આયોજક દ્વારા મંડળના યુવક અને બાળકો દ્વારા (૧) પૂજ્ય બહેનશ્રીનાં મીઠા સંભારણા (વિડિયો) (૨) પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ભક્તિની અભિવ્યક્તિ (૩) રક્ષાબંધન કથા (નાટિકા) (૪) બ્ર. કોકિલાબહેન દ્વારા પૂજ્ય બહેનશ્રી વિષે રોચક વક્તવ્ય, માતાજી વિષે ક્વીઝ તથા પાઠશાળાના બાળકો દ્વારા 'ગજસુકુમારનો વૈરાગ્ય' વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ રોચક શૈલીથી રજૂ કરવામાં આવ્યા હતા જે મુમુક્ષુઓને ઘણા પસંદ આવ્યા હતા.

**વિશેષ** :—આ મહોત્સવ દરમિયાન શ્રી સમંતભદ્ર આચાર્ય વિરચિત 'શ્રી રત્નકરંડક શ્રાવકાચાર' હિન્દી તેમજ શ્રી નેમિચન્દ્ર સિદ્ધાંતિદેવ વિરચિત 'બૃહદ્દ્રવ્યસંગ્રહ' હિન્દી નામના નવીન પુસ્તકનું ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા અને બ્ર. વ્રજલાલ શાહના વરદ હસ્તે સ્થાયી પુરસ્કર્તાઓ તથા મુખ્યદાતાઓની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું હતું.

તદ્ ઉપરાંત 'મોક્ષમાર્ગ પ્રકાશક અધ્યયન વર્ષ'નું સમાપન તથા ઈનામ વીતરણ તથા માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ પરિવાર, જલગાંવ તરફથી 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ'નો શ્રી બ્ર. વજુભાઈ શાહ, ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા, શ્રી અનંતરાય વ્રજલાલ શાહ, જલગાંવ દ્વારા મંગળ દીપ પ્રગટાવીને પ્રારંભ કર્યો હતો.

### ✽ ભવ્ય રથયાત્રા ✽

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની ભવ્યાતિભવ્ય રથયાત્રાનું આયોજન થયું હતું. શ્રીજીના મંગળ રથ સાથે વિવિધ બગીઓ અને પારણાઝુલનના ભવ્ય ફ્લોટ સાથેની આ રથયાત્રામાં આબાલ-વૃદ્ધ ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં. રથયાત્રામાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ઠેર ઠેર મુમુક્ષુઓ પોતાના વહાલા ભાવિ ભગવાનનું સ્વાગતકરી આરતી ઉતારતા હતા. આ રથયાત્રામાં શ્રીજીને રથમાં બિરાજમાન કરવાનો લાભ શ્રી ધીરજબેન બાબુલાલ શાહ પરિવાર, ઘાટકોપર હસ્તે જિનેન્દ્રભાઈ, મેહુલભાઈ તથા સારથી બનવાનો લાભ જિતેન્દ્ર વ્રજલાલ શાહને મળ્યો હતો. તથા પૂજ્ય માતાજીના પારણાઝૂલનના ફ્લોટનો લાભ સંગીતાબેન પ્રકાશભાઈ અજમેરા હસ્તે સલોનીબેનને મળ્યો હતો.

### ✽ જન્મ મહોત્સવ શ્રાવણ વદી–૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ ✽

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના મહામંગલકારી જન્મોત્સવના મુખ્ય દિવસ શ્રાવણ વદી-૨ની વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુ દર્શન, તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી કાર્યક્રમનો શુભારંભ થયો. શ્રી તીર્થમંડલ વિધાન પૂજાની પૂર્ણાહૂતી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના મહામંગળકારી પ્રવચનનો લાભ મળ્યો. કેટલીક જાહેરાત બાદ ભગવતી માતાની મંગલ જન્મવધાઈનો કાર્યક્રમ શરૂ થયો, આ પ્રસંગે ઘાટકોપર મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વધામણાનો લાભ રાજેશભાઈ મધિયા પરિવારને મળ્યો

હતો. ને પછી તો ભક્તોમાં માતાજીને વધાવવા માટે જાણે કે પડાપડી થવા લાગી. ભક્તોનો ઉત્સાહ જાણે કે માતો જ નહોતો.

ઉત્સવના દરેક કાર્યક્રમોમાં મુમુક્ષુભાઈ-બહેનો અત્યંત ઉલ્લાસથી ભાગ લેતા હતા. દરેક કાર્યક્રમોમાં મંદિર તેમજ મંડપ મુમુક્ષુઓથી પૂરાં ભરાઈ જતાં હતાં.-

આ મહોત્સવનો લાભ લાભ લેવા માટે ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, તથા વિદેશોથી ૨૦૦૦થી પણ અધિક મુમુક્ષુઓ પધાર્યા હતા.

આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાન પૂજા ૧૪૪ મહાનુભાવો તથા પ્રાસંગિક મંડલવિધાન પૂજા ૪ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત પૂજ્ય બહેનશ્રી જન્મોત્સવના પાંચે દિવસ મહેમાનો તથા સ્થાનિક મુમુક્ષુમંડળ માટે ભોજન (સ્વામિવાત્સલ્ય) જન્મોત્સવ આયોજક શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, ઘાટકોપર-મુંબઈ તરફથી તથા કાયમી જમણ ૨૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને કુલ ૭,૧૦,૬૫૫=૦૦ દાનરાશિ પ્રાપ્ત થઈ.

| | | |
|---|---|---|
| (૧) | ૧૦૨ના અંકમાં ૧૦૨ × ૧૮૭૫ | ૧,૯૧,૨૫૦=૦૦ |
| (૨) | પ્રાસંગિક વિધાન પૂજા ૧૦૦૦ × ૪ | ૪,૦૦૦=૦૦ |
| (૩) | રથયાત્રાની બોલી | ૧,૬૧,૦૧૦=૦૦ |
| (૪) | રૂા. ૫૦૦ની વધાઈના ૫૦૦ × ૪૦૪ | ૨૦,૨૦૦=૦૦ |
| (૫) | શ્રી જિનેન્દ્ર આરતી | ૭,૫૧૫=૦૦ |
| (૬) | રથયાત્રા, પારણાઝૂલન અને જન્મવધાઈ સ્ટેજ પર | ૧,૪૪,૮૮૦=૦૦ |
| | કુલ | ૭,૧૦,૬૫૫=૦૦ |

મહોત્સવ ઉજવવાનો આયોજક શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, ઘાટકોપર-મુંબઈનો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો. આયોજકો દ્વારા મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહોત્સવનો સમગ્ર ખર્ચ આયોજક તરફથી આપવામાં આવ્યો હતો.

## સુવર્ણપુરીમાં પંદરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૫-૧૨-૧૫, શુક્રવારથી તા. ૩૦-૧૨-૧૫, બુધવાર સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત શ્રી બિપીનકુમાર રતિલાલ શાહ પરિવાર, ગાંધીનગરના સૌજન્યથી પંદરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક મંડળોને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથે આ શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે.

નીચે મુજબના પુસ્તકો વેચાણમાં આવી ગયા છે.

(૧) નિયમસાર (હિન્દી) (૨) બૃહદ્-દ્રવ્યસંગ્રહ (હિન્દી) (૩) રત્નકરંડક શ્રાવકાચાર (હિન્દી)

(૪) જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ (સમયસાર ગાથા ૩૦૮-૩૧૧ ઉપર પ્રવચન) (ગુજરાતી)

(૫) સમ્યક્ત્વકથા (ગુજરાતી) (૬) આત્મસિદ્ધિ(અન્વયાર્થ સહિત) (ગુજરાતી)

## વઢવાણમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નવીનીકૃત જન્મધામનું ઉદ્‌ઘાટન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પ્રભાવના ઉદયે વઢવાણ નગરમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નવીનીકૃત જન્મધામનું ઉદ્‌ઘાટન તા. ૨૬-૮-૨૦૧૫ બુધવારના રોજ સેંકડો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિભાવથી સંપન્ન થયું.

પ્રથમ જિનેન્દ્ર પૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર ટેપ પ્રવચન, વિશેષ જાહેરાતો બાદ ઉપસ્થિત સર્વે મુમુક્ષુ સમાજ વાજતે-ગાજતે પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ગયા. ત્યાં સર્વ પ્રથમ મુખ્યદાતા શ્રી રમણીકલાલ લાલચંદ દોશી હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી, ઘાટકોપરના કુટુંબીજનો દ્વારા નવીનીકૃત જન્મધામનું ઉદ્‌ઘાટન સંપન્ન થયું. ત્યારબાદ, પૂજ્ય ચંપાબેનના જીવન વિષે આ મકાનમાં તૈયાર કરવામાં આવેલ 'મંગલ જીવન દર્શન' પ્રદર્શનનું ઉદ્‌ઘાટન બ્ર. શ્રી વ્રજલાલભાઈ વઢવાણ તથા વઢવાણ મંડળના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું.

ત્યારબાદ જીવનદર્શનને લગતા અગિયાર વિભાગોનું ઉદ્‌ઘાટન નીચેના મુમુક્ષુ પરિવાર દ્વારા કરવામાં આવ્યું.

(૧) કલ્યાણકારી જન્મ....................... શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર
(૨) વૈરાગ્યવંત વિચક્ષણ બાળપણ ......... શ્રી સરોજબેન બળવંતરાય ભાયાણી, લાઠી
(૩) ગુરુવાણી શ્રવણ, સમ્યક્‌ત્વનો પુરુષાર્થ....શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ, ઘાટકોપર
(૪) સાતિશય જાતિસ્મરણ ................. શ્રી રજનીકાંત મગનલાલ મહેતા હ. હર્ષીલભાઈ, ઘાટકોપર
(૫) વિવિધ મુદ્રાઓ.......................... સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ટ્રસ્ટીઓ
(૬) ગુરુભક્તિ અને ગુરુ ઉપકાર .......... શ્રી પ્રભાબેન જયંતીલાલ શાહ, વઢવાણ
હ. બ્ર. રેણુકાબેન તથા મનોજભાઈ
(૭) સ્વાધ્યાયમંદિર ઉદ્‌ઘાટન અને તેમાં સમયસાર સ્થાપના શ્રી છગનલાલ કાળીદાસ વાધર પરિવાર, હ. ત્રંબકભાઈ, જામનગર
(૮) પ્રભાવનામાં યોગદાન .................. એક મુમુક્ષુ હસ્તે જીતેન્દ્ર વી. શાહ
(૯) બહેનશ્રીનાં વચનામૃત તથા બહેનશ્રીની મહિમા.....શ્રી મધુરભાઈ મહેતા હ. પ્રવીણાબેન, સિંગાપોર
(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં ધર્મસાધના વિષે માર્ગદર્શન અને ધર્મપ્રભાવના
શ્રી ધીરજબેન બાબુલાલ શાહ, ઘાટકોપર હ. અનીલભાઈ, જિનેન્દ્રભાઈ, મેહુલભાઈ
(૧૧) પૂજ્ય બહેનશ્રી જીવનચરિત્ર (આરસના પાટીયા)...શ્રી રમેશચંદ્ર નારણદાસ પરિવાર, સુરેન્દ્રનગર

તદ્ ઉપરાંત જન્મધામમાં પૂજ્ય બહેનશ્રીને લગતા ચાર શાસ્ત્રોનું પણ સ્થાપન કરવામાં આવ્યું હતું તથા પૂજ્ય બહેનશ્રીની જીવન ઉપયોગી વસ્તુઓ પણ સોનગઢના બ્ર. બહેનોના વરદ્ હસ્તે મૂકવામાં આવી હતી.

આ ઉદ્‌ઘાટન અત્યંત ભવ્યતાથી, ભક્તિ સભર રીતે બા.બ્ર. વ્રજલાલભાઈ, શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી રમેશભાઈ મહેતા તથા શ્રી પ્રકાશભાઈ જૈન, મલાડ દ્વારા મંત્રોચ્ચારવિધિથી કરાવવામાં આવ્યું. આમાં હાજર રહેલા મુમુક્ષુઓએ તેમાં મૂકવામાં આવેલ ૬૦ ફોટોગ્રાફના નકરારૂપે દરેકના રૂા. ૫૦૦૦/—નો લાભ પણ મેળવ્યો.

આ પ્રસંગે સ્વામીવાત્સલ્ય તથા મુમુક્ષુઓને સુરેન્દ્રનગર, જોરાવરનગર, લીંબડીનાં મંદિરોની યાત્રા કરાવવાના સૌજન્યનો લાભ સૌજન્યકર્તા શ્રી રમણિકલાલ લાલચંદ દોશી હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશીને પ્રાપ્ત થયો હતો. આ સમગ્ર પ્રસંગના ઉદ્‌ઘાટનની, નાસ્તાની, સ્વામીવાત્સલ્યની વ્યવસ્થા વઢવાણ ભજનમંડળીના કાર્યકરોની અત્યંત સુંદર રીતે કરી હતી. આ મંગળ પ્રસંગે સોનગઢથી લગભગ ૩૦૦, ઘાટકોપરથી ૧૦૦, અન્ય સ્થાનેથી ૧૦૦ તથા વઢવાણ, સુરેન્દ્રનગરના ૩૦૦થી અધિક મુમુક્ષુઓએ હાજરી આપી હતી.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે પરમાગમમંદિર તથા પ્રવચનના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે રાજકોટ તથા અન્ય ગામોથી બધા મળીને ૫૦૦ થી વધુ મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

### * 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજ્યાદશમી *

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૨૩-૧૦-૨૦૧૫ શુક્રવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

* **મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :** પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'— દીપાવલીનો મંગલ અવસર આસો વદ અગિયારસ, શનિવાર તા. ૭-૧૧-૧૫ થી આસો વદ ૩૦, બુધવાર તા. ૧૧-૧૧-૧૫, પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

* **સુપ્રભાત દિન :** કારતક સુદ એકમ–નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૧૨-૧૧-૧૫, ગુરુવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

* **કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા** : કારતક સુદ ૭, બુધવાર, તા. ૧૮-૧૧-૨૦૧૫ થી કારતક સુદ ૧૫, બુધવાર, તા. ૨૫-૧૧-૨૦૧૫—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

મુંબઈનિવાસી શ્રીમતી મંજુલાબેન પુનમચંદ જોબાળિયા તા. ૫-૨-૨૦૧૫ના રોજ દેહવિલય પામ્યા છે.

બોટાદનિવાસી હાલ દહાણુરોડ શ્રીમતી રંજનબેન કીર્તિકાંત શાહ તા. ૯-૬-૨૦૧૫ના રોજ દેહવિલય પામ્યા છે.

વિંછીયા નિવાસી (હાલ અંધેરી મુંબઈ) સ્વ. માનસી (પ્રજ્ઞાબેન) જીતેન્દ્ર ડગલી તા. ૨૧-૭-૨૦૧૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠી નિવાસી રમાબેન મનુભાઈ ઝવેરી (ઉ.વ. ૮૬) તા. ૩૦-૭-૨૦૧૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી (હાલ રાજકોટ) શ્રી રમેશભાઈ છબીલદાસ વારીયા (ઉ.વ. ૭૯)નું તા. ૧૩-૮-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

વિંછીયાનિવાસી (હાલ બોરીવલી) શ્રી ચંદ્રકાંત મણિલાલ શાહ (બોરીવલી મંડળના ટ્રસ્ટી)ના ધર્મપત્ની શ્રીમતી પ્રફુલાબેન (ઉ.વ. ૭૪)નું તા. ૧૪-૮-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

લંડનનિવાસી (મૂળ ગામ ડબાસંગ, જામનગર) શ્રી ઝવેરચંદભાઈ પૂનમચંદ શાહનો (ઉ.વ. ૮૬) તા. ૧૪-૮-૨૦૧૫ રોજ દેહ પરિવર્તન થયેલ છે.

કલકત્તાનિવાસી (હાલ સોનગઢ) બ્ર. ઉષાબેન મયાચંદભાઈ શાહ (ઉ.વ. ૭૧)નું તા. ૧૭-૮-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ છેલ્લા ૫૩ વર્ષથી સોનગઢ રહેતા હતા.

જામનગરનિવાસી (હાલ સાંતાક્રુઝ-મુંબઈ) શ્રીમતી અમૃતબેન વેલજી શાહ (ઉ.વ. ૮૩) તા. ૧૫-૭-૧૫ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

બોટાદનિવાસી (હાલ સોનગઢ) શ્રી હસમુખભાઈ કાંતિલાલ ગાંધીનું (ઉ.વ. ૮૧) તા. ૧૧-૯-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓશ્રી નાની ઉંમરમાં નિવૃત્તિ લઈ સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રી ઘણી વખત પ્રવચનમાં તેમને યાદ કરતા હતા. છેવટના શ્વાસ સુધી સોનગઢ રહેવાની ભાવના તેમણે પૂર્ણ કરી હતી.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરમ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

ખરે ટાણે સમાધાન રાખવા જેવું છે, કયે ક્ષણે દેહ છૂટશે!—એનો ભરોંસો કરવા જેવો નથી. દેહ ક્ષણભંગુર છે, નાશવાન છે. ચામડાંથી વીંટેલો હાડકાનો માળો ક્ષણમાં રાખ થઈને ઊડી જશે. અરે! આખું ઘર એકસાથે નાશ થઈ જાય છે તેવા દાખલા સાંભળ્યા છે. એ ક્યાં અવિનાશી ચીજ છે! સહજાત્મસ્વરૂપ આત્મા એ જ અવિનાશી છે, જગત આખું અનાદિથી અશરણરૂપ છે, ભગવાન આત્મા એ જ શરણરૂપ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## (૨૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(અહીં એક શબ્દ આપેલ છે. બાકીના ત્રણ શબ્દ લખીને ચાર શબ્દની પૂર્તિ કરવાની છે.)

દાખલા તરીકે કષાયના ચાર પ્રકાર — (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ

| | | |
|---|---|---|
| (૫૬૧) ચાર આરાધના | (૧) સમ્યગ્દર્શન | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૬૨) ચાર અનંત ચતુષ્ટય | (૧) અનંતજ્ઞાન | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૬૩) ચાર ઘાતિકર્મ | (૧) જ્ઞાનાવરણીય | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૬૪) ચાર મતિજ્ઞાનના ભેદ | (૧) અવગ્રહ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૬૫) ચાર ચારિત્રના ભેદ | (૧) સ્વરૂપાચરણ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૬૬) ચાર દાનના ભેદ | (૧) આહારદાન | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૬૭) ચાર પ્રકારના સંઘ | (૧) મુનિ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૬૮) ચાર પ્રકારના દેવ | (૧) વ્યંતર | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૬૯) ચાર પ્રકારના બંધના ભેદ | (૧) પ્રકૃતિ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૭૦) ચાર પ્રકારની નિર્જરા | (૧) સકામ નિર્જરા | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૭૧) ચાર પ્રકારના અભાવ | (૧) પ્રાગભાવ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૭૨) ચાર વિગ્રહ ગતિના નામ | (૧) ઋજુગતિ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૭૩) ધર્મની પ્રરૂપણાના ચાર પ્રકાર | (૧) વસ્તુ સ્વભાવ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૭૪) ચાર શુક્લધ્યાનના ભેદ | (૧) પૃથક્ત્વ વિતર્ક | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૭૫) ચાર સ્વચતુષ્ટય | (૧) સ્વદ્રવ્ય | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |

| | | |
|---|---|---|
| (૫૭૬) સમ્યક્દષ્ટિની ચાર ભાવના | (૧) મૈત્રી | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૭૭) આસ્રવના ચાર કારણ | (૧) મિથ્યાત્વ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૭૮) શ્રમણના ચાર પ્રકાર | (૧) ઋષિ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૭૯) ચાર પ્રકારના અનુયોગ | (૧) પ્રથમાનુયોગ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |
| (૫૮૦) આર્તધ્યાનના ચાર ભેદ | (૧) અનિષ્ટ સંયોગ | (૨) .................... |
| | (૩) .................. | (૪) .................... |

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર-૨૦૧૫ના ઉત્તર

(૫૪૧) ૧૯૭૭
(૫૪૨) ૧૯૯૩
(૫૪૩) વઢવાણ
(૫૪૪) ૧૯૯૪
(૫૪૫) પ્રવચનસાર
(૫૪૬) ૧૭૨
(૫૪૭) વિપરીત
(૫૪૮) સરખી
(૫૪૯) ૨૬
(૫૫૦) ૪
(૫૫૧) સરખી
(૫૫૨) સાચુ, યથાર્થ
(૫૫૩) અકિંચિત્કર
(૫૫૪) ૧૨-૧૩
(૫૫૫) ઔદયિક
(૫૫૬) કાર્મણ
(૫૫૭) પરોક્ષ
(૫૫૮) મતિશ્રુત
(૫૫૯) મોક્ષ
(૫૬૦) ઔપશમ

## (૨૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં લખેલ ઉત્તરોમાંથી સાચો જવાબ લખો)

(૫૬૧) અનંતવીર્યસ્વામીનું લાંછન ક્યું છે ? ................ (સ્વસ્તિક, ચંદ્ર, હાથી)

(૫૬૨) સીમંધરાદિ વીસ વિહરમાન તીર્થંકરમાંથી ૧૧મા તીર્થંકર ભગવાનનું નામ શું ? .................... (વીરસેનસ્વામી, વજ્રધરસ્વામી, ચંદ્રાનન સ્વામી)

(૫૬૩) સુમતિનાથ ભગવાનનો જન્મકલ્યાણક દિન ક્યો છે ? .................... (ચૈત્ર સુદી ૧૧, પોષ સુદી ૧૧, કારતક સુદી ૫)

(૫૬૪) વર્તમાન અવસર્પિણી કાળના ૨૪ કામદેવમાં અંતિમ કામદેવ કોણ થયા ? .................... (હનુમાન, જંબૂસ્વામી, નાગકુમાર)

(૫૬૫) ચૌદ ગુણસ્થાનમાંથી નવમા ગુણસ્થાનનું નામ શું છે ? .................... (અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, ઉપશાંત મોહ)

(૫૬૬) સમવશરણમાં ૧૨ સભામાં કઈ ભૂમિ આવેલ છે ? .................... (લતાભૂમિ, ઉપવનભૂમિ, શ્રીમંડપ)

(૫૬૭) વર્તમાન અવસર્પિણીકાળમાં કેટલા રુદ્ર થયા ? ......... (૧૨, ૧૧, ૧૪)

(૫૬૮) સનતકુમાર કામદેવ ક્યાંથી મોક્ષ ગયા ? .................... (તારંગા, તુંગીગિરિ, સિદ્ધવરકૂટ)

(૫૬૯) મનઃપર્યયજ્ઞાનના કેટલા ભેદ છે ? .................... (૪, ૩, ૨)

(૫૭૦) દશ પ્રાણમાંથી એકેન્દ્રિયજીવને કેટલા પ્રાણ હોય છે ? ............(૩, ૪, ૫)

(૫૭૧) અભક્ષ્યમાં કોનો સમાવેશ નથી ? .................... (દહીંવડા, ટમેટા, મધ)

(૫૭૨) સ્વર્ગલોકના અનુત્તર વિમાન કેટલા છે ? .................... (૫, ૯, ૮)

(૫૭૩) રૌદ્રધ્યાનના કેટલા પ્રકાર છે ? .................... (૮, ૪, ૨)

(૫૭૪) વર્તમાન હુંડાવસર્પિણીકાળમાં મહાવીર ભગવાન તથા પાર્શ્વનાથ ભગવાન સિવાય ત્રીજા ક્યા તીર્થંકર ઉપર ઉપસર્ગ થયેલ ? .................... (ધર્મનાથ, સુપાર્શ્વનાથ, અરહનાથ)

(૫૭૫) છ દ્રવ્યમાં અરૂપી દ્રવ્યો કેટલા છે ? .................... (૩, ૪, ૫)

(૫૭૬) અધર્માસ્તિકાય દ્રવ્યનું વિશેષ કાર્ય શું છે ? .....................
(ગતિહેતુત્વ, પરિણમનહેતુત્વ, સ્થિતિહેતુત્વ)

(૫૭૭) મચ્છર કેટલી ઇન્દ્રિયોવાળો જીવ છે ? ..................... (૫, ૪, ૨)

(૫૭૮) સિદ્ધોના નિવાસક્ષેત્રનો વ્યાસ કેટલો છે ? .....................
(૧ લાખ યોજન, ૪૫ લાખ યોજન, ૧૨ લાખ યોજન)

(૫૭૯) જંબૂદ્વીપની ૩૪ કર્મભૂમિમાં વિદેહક્ષેત્રની કેટલી છે ? ..........(૧૦, ૩૨, ૫)

(૫૮૦) મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ ભાવો દુઃખરૂપ હોવા છતાં તેને હિતરૂપ માની તેનું સેવન કરવું તે ક્યા તત્ત્વની ભૂલ છે ? ..................... (આસ્રવ, સંવર, નિર્જરા)

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન સપ્ટેમ્બર–૨૦૧૫ના
# ઉત્તર

(૫૪૧) આર્જવ

(૫૪૨) સંયમ

(૫૪૩) તપ

(૫૪૪) ક્ષમા

(૫૪૫) તપ

(૫૪૬) આકિંચન્ય

(૫૪૭) બ્રહ્મચર્ય

(૫૪૮) શૌચ

(૫૪૯) ત્યાગ

(૫૫૦) ક્ષમા

(૫૫૧) માર્દવ

(૫૫૨) શૌચ

(૫૫૩) આકિંચન્ય

(૫૫૪) ત્યાગ

(૫૫૫) દર્શનવશુદ્ધિ

(૫૫૬) પંચવિંશતિ

(૫૫૭) અષ્ટવિધ

(૫૫૮) ત્રયોદશવિધ

(૫૫૯) પરમાનંદ દશા વિસતારૈ
આપ તિરૈ ઔરન તિરવાવૈ

(૫૬૦) ઇન બિન મુક્ત ન હોય,
અન્ધ પંગુ અરૂ આલસી,

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● જ્યાં સુધી પરિપૂર્ણ સ્વભાવની દૃષ્ટિ નથી ત્યાં સુધી પર્યાય ઉપર દૃષ્ટિ હોવાથી તે કાળે એટલે કે મિથ્યાત્વદશાના કાળે રાગાદિનો કર્તા થાય છે. ૧૩૭.

● જગતમાં સાર કોણ ?–કે નિજ શુદ્ધ જીવવસ્તુ તે સાર છે, તે જ હિતકારી છે અને તેને જાણતાં પર્યાયમાં જ્ઞાન તથા સુખ પ્રગટે છે કેમ કે શુદ્ધ જીવવસ્તુમાં જ્ઞાન અને સુખ છે અને તેથી જ તે સારરૂપ હોવાથી નમસ્કાર યોગ્ય છે, આદરવા યોગ્ય છે. ૧૩૮.

● જિનવરે કહેલો વ્યવહાર પોતે જ સમ્યક્ત્વસ્વરૂપ નથી અને તે સમ્યક્ત્વનું કારણ નથી. જ્ઞાયક ભગવાન પોતે જ સમ્યક્ત્વનું કારણ છે. તથા સ્વના જ્ઞાન ને સ્વની શ્રદ્ધા વિના જિનવરે કહેલો વ્યવહાર પાળે તોપણ તે સંસારનું કારણ છે. ૧૩૯.

● બાર-અંગનું જ્ઞાન પૂર્વે કદી થયું નથી છતાં તે વિસ્મયકારી નથી પણ તેમાં કહેલો ભગવાન આત્મા તે વિસ્મયકારી છે. જે જ્ઞાનમાં આત્મા કારણ ન થાય તે જ્ઞાન નહીં. અહીં તો અભેદથી આત્મા તે જ્ઞાન એમ કહ્યું પણ એમ કહીને પાછું કહ્યું એમ કે આત્મા તેમાં કારણ છે, હેતુ છે, નિમિત્ત છે. પરંતુ એમ કહ્યું નથી કે આત્મા જ્ઞાનની પર્યાયમાં આવી ગયો. આત્માનું જ્ઞાન પર્યાયમાં આવ્યું છે પણ આત્મા પર્યાયમાં આવ્યો નથી. ૧૪૦.

● જે કાંઈ શાસ્ત્રનું જ્ઞાન થાય તેમાં શબ્દ નિમિત્ત છે. તેથી તે જ્ઞાનને શબ્દશ્રુતજ્ઞાન કહે છે પણ તે આત્મજ્ઞાન નથી. ખરેખર તો શબ્દશ્રુતજ્ઞાનમાં જ્ઞાનનું જે પરિણમન છે તે આત્માનું પરિણમન જ નથી, કેમકે જેમ પુદ્ગલની ઠંડી ગરમ આદિ અવસ્થા જ્ઞાન કરવામાં નિમિત્ત છે, પણ શીત-ઉષ્ણપણે પરિણમવું તે જ્ઞાનનું કાર્ય નથી, તે તો પુદ્ગલનું કાર્ય છે, તેમ નવ તત્ત્વોની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને વ્યવહારચારિત્ર તે ત્રણે રાગ છે ને આત્માનું રાગપણે પરિણમવું અશક્ય છે. ૧૪૧.

● જે જ્ઞાનમાં શબ્દશ્રુત આધાર છે પણ આત્મા આધાર નથી તે શબ્દશ્રુતજ્ઞાન છે, તેનાથી આત્મજ્ઞાન થતું નથી. શબ્દશ્રુતને જાણવાનો જેટલો વિકલ્પ છે તે જ્ઞાન પરલક્ષી છે. વીતરાગના શાસ્ત્રોનું જ્ઞાન છે તે પરલક્ષી જ્ઞાન હોવાથી પરલક્ષી જ્ઞાનનો નિષેધ કર્યો છે. ૧૪૨.

૩૬

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૧૫
અંક-૨ ❋ વર્ષ-૧૦

Posted at Songadh PO
Publish on 1-10-2015
Posted on 1-10-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ધર્મ જગતમાં ઉત્કૃષ્ટ મંગળ છે.

ભાવનગરના મંગલ પ્રવચનમાં ભાવનગરનો અર્થ સમજાવતાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું કે 'ભાવ' એટલે જ્ઞાન-આનંદ વગેરે અનંત સ્વભાવોથી ભરેલો આત્મા, તેનું જ્ઞાન કરીને વસે એટલે કે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન કરે તે 'ભાવ-નગર'માં આવ્યો બાકી તો બધા ભાનવગરના છે. 'નગર' તેને કહેવાય કે જેમાં કાંઈ કર ન હોય (ન કર) કાંઈ ઉપાધિ ન હોય, પર ભાવનો બોજો ન હોય, આવા શુદ્ધ ચૈતન્યભાવથી ભરેલું જે નગર, એવા 'ભાવનગર'ને ઓળખવું, ને રાગથી ભિન્ન થઈને તેમાં વસવું તે મંગળ છે. તે મમ્-ગલ એટલે મમતારૂપી પાપને ગાળનાર છે ને 'મંગલ' એટલે સુખને લાવનાર છે તેથી તે 'ભાવ' ને મંગળ કહે છે. મંગળ કહો કે ધર્મ કહો, કેમ કે ધર્મ તે જ જગતમાં ઉત્કૃષ્ટ મંગળ છે. આવો મંગળભાવ પ્રગટ કરવા માટે આત્માનું સ્વરૂપ ઓળખવું જોઈએ. તે કઈ રીતે ઓળખાય? એટલે કે શાસ્ત્રભાષામાં જેને ભેદજ્ઞાન અથવા આત્મઅનુભવ કહે છે—તે કેમ થાય? તેની આ વાત છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org